RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 02-09-2026 I VOL : 12 I Issue : 168 I Page : 8 I Price : 1.00/-

**સુવિચાર**

સાચો વિજેતા ક્યારેય અભિમાન કરતો નથી જ્ઞાન સૌથી મોટી સંપત્તિ છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ગુજરાતમાં 'ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ'ને મોટો વેગ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર...

4

વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતનો ડંકો: પીએમ મોદીની દેશવાસીઓને...

6

રકુલ પ્રીત સિંઘનો રોયલ લુક, વેસ્ટર્ન આઉટફિટમાં લાગી ખૂબ જ ગ્લેમરસ

7

મેસ્સીએ ઈન્ટરનેશનલ ફૂટબોલને અલવિદા કહ્યું..

# 'ભાજપ અને 'વોટ ચોરી આયોગ'ના રસ્તાઓ બદલાતા રહે છે, અને બદલાતા રહેશે: રાહુલ

## તેમનો એક જ હેતુ છે કે, કોઈપણ ભોગે ભાજપની જીત અને ભારતની લોકશાહીનો અંત

નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રમાં હાથ ધરાયેલા વિશેષ મતદાર યાદી સુધારણા(SIR) મુદ્દે આકરા પ્રહારો કર્યા છે. તંત્ર દ્વારા જાહેર કરાયેલી પ્રથમ ડ્રાફ્ટ મતદાર યાદી પર ગંભીર સવાલો ઉઠાવીને ભારતીય જનતા પાર્ટી(BJP) અને ભારતીય ચૂંટણી પંચ(EC) પર રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કર્યા છે.




તેમણે દાવો કર્યો હતો કે, 'ભાજપ અને 'વોટ ચોરી આયોગ'ના રસ્તાઓ બદલાતા રહે છે, અને બદલાતા રહેશે. પરંતુ તેમનો એક જ હેતુ છે કે, કોઈપણ ભોગે ભાજપની જીત અને ભારતની લોકશાહીનો અંત.' સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ(X) પર પોસ્ટ કરતાં રાહુલ ગાંધીએ લખ્યું કે, 'મહારાષ્ટ્રમાં 2024ની લોકસભા અને વિધાનસભા ચૂંટણી વચ્ચે અચાનક 39 લાખ નવા મતદારો ઉમેરાયા હતા. મેં ત્યારે પણ કહ્યું હતું, અને આજે પણ કહું છું કે આ વોટની ચોરી હતી.' તેમણે પશ્ચિમ બંગાળનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું કે, '2026ના SIRમાં બંગાળમાં જે નામો કાપી નાખવામાં આવ્યા હતા, તેમાંથી 91 ટકા નામો અપીલ બાદ ફરી જોડવા પડ્યા હતા. એટલે કે દર 10માંથી 9 નામો ખોટી રીતે કાપવામાં આવ્યા હતા, અને આ નામો ચૂંટણી પછી જ જોડવામાં આવ્યા. અને હવે મહારાષ્ટ્રમાં 2.07 કરોડ મતદારોને ડ્રાફ્ટ લિસ્ટમાંથી બહાર કરી દેવાયા છે, જે રાજ્યના દર પાંચમા મતદાર સમાન છે.' મહારાષ્ટ્રમાં SIR પ્રક્રિયા હેઠળ બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ વૉટર લિસ્ટમાં 2,06,88,487 મતદારોના નામો સામેલ કરવામાં આવ્યા નથી. આ સંખ્યા રાજ્યના અગાઉના નોંધાયેલા મતદારોના અંદાજે 21.14 ટકા જેટલી છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, વર્તમાન ડ્રાફ્ટ લિસ્ટમાં 7.71 કરોડથી વધુ મતદારો સામેલ છે.

## 47 કિ.મી. સુધી ચાલુ બસમાં દુષ્કર્મ આચરાતું રહ્યું ને પોલીસને જાણ સુદ્ધાં ના થઈ... દિલ્હી રેપ કેસમાં રાહુલ ગાંધીના પ્રહાર

ગ્રેટર નોઈડાથી જૂની દિલ્હી જઈ રહેલી એક ચાલતી સ્લીપર બસમાં 16 વર્ષની સગીરા સાથે ડ્રાઈવર અને કંડક્ટર દ્વારા આચરવામાં આવેલા ભયાનક ગૅંગરેપની ઘટના સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને કેન્દ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે દિલ્હી-NCR મહિલાઓ માટે એટલું અસુરક્ષિત બની ગયું છે કે ગ્રેટર નોઈડાથી દિલ્હી સુધી 47 કિલોમીટરના પ્રવાસ દરમિયાન આટલો ગંભીર ગુનો આચરવામાં આવ્યો છતાં દિલ્હી કે નોઈડા પોલીસને તેની ભનક પણ ન લાગી. રાહુલ ગાંધીએ સુરક્ષા તંત્ર સામે સવાલો ઉઠાવતા કહ્યું હતું કે આ સ્લીપર બસ નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસવે, દિલ્હી રિંગ રોડ અને રાજ્યની સરહદો પાર કરી ગઈ.

### એક નજર...

**બોલ્ડ અંદાજમાં મોનાલિસાએ લૂંટી મહેફિલ**



મોનાલિસા કેમેરાની સામે પોતાની સુંદરતા એવી રીતે બતાવે છે કે દર્શકો પણ તેની સુંદરતાના વખાણ કર્યા વગર પોતાને રોકી શકતા નથી. તો બીજી તરફ, હવે બોલ્ડ અભિનેત્રી મોનાલિસાએ સોશિયલ મીડિયા પર એવા ફોટા શેર કર્યા છે જે લોકોના હોશ ઉડી રહ્યા છે. આ તસવીરોમાં મોનાલિસા ગ્રીન ગાઉન પહેરીને એવી રીતે પોઝ આપી હતી.

### NEWS TRACK

**પાકિસ્તાને SCO સમિટની તસવીરમાંથી મોદીને હટાવ્યા: ઈરાની રાષ્ટ્રપતિને પણ ન બતાવ્યા**

પાકિસ્તાનના વડાપ્રધાન કાર્યાલય (PMO)એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલા એક ગ્રુપ ફોટોને લઈને વિવાદ ઊભો થયો છે. હકીકતમાં, SCO સમિટ દરમિયાન લેવાયેલી ગ્રુપ ફોટોને એડિટ કરીને વડાપ્રધાન મોદીની તસવીર હટાવી દેવામાં આવી છે. આ તસવીર કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં હતી. તેમાં સભ્ય દેશોના નેતાઓ એક મંચ પર ઊભેલા જોવા મળી રહ્યા છે. મૂળ તસવીરમાં મોદી અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ બંને દેખાઈ રહ્યા છે. જ્યારે, એડિટેડ તસવીરમાં મોદી, ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન સહિત 5 નેતાઓને હટાવી દેવામાં આવ્યા છે. ભારતીય વડાપ્રધાન કાર્યાલયે પણ SCO સમિટનો ગ્રુપ ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો. તેમાં શાહબાઝ શરીફ જોવા મળી રહ્યા છે. કિર્ગિસ્તાનના બિશ્કેકમાં SCO સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની અચાનક મુલાકાત થઈ. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને થોડીવાર વાતચીત કરી. બંને વચ્ચે અલગથી દ્વિપક્ષીય બેઠક પહેલાથી નક્કી નહોતી.

**ટેક સેક્ટરમાં ફરી મોટી છટણીનો ખતરો: Oracle કરશે 10,000 કર્મચારીઓની હકાલપટ્ટી**

દિગ્ગજ ટૅક્નોલૉજી કંપની ઓરેકલ(Oracle)માં ફરી એકવાર મોટા પાયે કર્મચારીઓની છટણી થાય તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે. અહેવાલો મુજબ, કંપની પોતાના વૈશ્વિક વર્કફોર્સમાંથી આશરે 7,000થી 10,000 જેટલી નોકરીઓ ઘટાડવાની યોજના બનાવી રહી છે. કંપની પોતાના ખર્ચમાં કાપ મૂકવા માટે તમામ ટીમોને સૂચના આપી રહી છે, જેના કારણે કોઈ એક ચોક્કસ વિભાગને બદલે અલગ-અલગ ડિપાર્ટમેન્ટ્સમાં નોકરીઓ પર અસર પડી શકે છે. ભારતીય કર્મચારીઓ પર પણ જોખમ આ સંભવિત છટણીની સૌથી વધુ અસર ભારતમાં રહેલા ઓરેકલના કર્મચારીઓ પર પડી શકે છે. ઓરેકલ માટે ભારત એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે, જ્યાં એન્જિનિયરિંગ, ક્લાઉડ સર્વિસ, ટૅક્નોલૉજી અને સપોર્ટ ક્ષેત્રે મોટી સંખ્યામાં કર્મચારીઓ કામ કરે છે. જોકે, ભારતમાં કેટલા લોકોને અસર થશે તેનો ચોક્કસ આંકડો હજુ સામે આવ્યો નથી. કર્મચારીઓમાં એવી ચર્ચા છે કે સપ્ટેમ્બર મહિનામાં જ કંપની આ અંગે નિર્ણય જાહેર કરી શકે છે.

### 7.8 ટકા વિકાસ દર મુદ્દે કોંગ્રેસના પ્રહાર

## 40 ટકા ગ્રેજ્યુએટ્સ બેરોજગાર અને મોંઘવારીએ 19 મહિનાનો રૅકોર્ડ તોડ્યો

નવી દિલ્હી

નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતનો જીડીપી(GDP) ગ્રોથ રેટ 7.8% નોંધાતાં દેશમાં રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. પીએમ મોદીએ આ આંકડાઓને દેશવાસીઓની સામૂહિક તાકાતનું પરિણામ ગણાવીને પ્રશંસા કરી હતી. બીજી તરફ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે સામાન્ય જનતા આજે પણ બેરોજગારી, મોંઘવારી અને આર્થિક અસમાનતાથી પીડાઈ રહી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ



મીડિયા પર પોસ્ટ શેર કરીને લખ્યું કે જ્યારે અર્થતંત્રની વાત આવે છે ત્યારે પીએમ મોદી માત્ર પ્રચાર પર ધ્યાન આપે છે. તેમણે દાવો કર્યો કે દેશના સામાન્ય લોકો '3 U'થી પરેશાન છે - એટલે કે અનપ્રિસિડેન્ટેડ બેરોજગારી (પહેલા ક્યારેય ન જોઈ હોય એવી બેરોજગારી), અનબિયરેબલ મોંઘવારી (અસહ્ય મોંઘવારી) અને અનબ્રાઈડલ્ડ અસમાનતા (નિયંત્રણ વગરની અસમાનતા). ખડગેએ જણાવ્યું કે 50 વર્ષમાં બેરોજગારી સૌથી ઉચ્ચ સ્તરે છે અને ગ્રેજ્યુએટ થયેલા 40 ટકા યુવાનો બેરોજગાર ફરી રહ્યા છે.

## સુપ્રીમ કોર્ટે જંતર-મંતર પ્રોટેસ્ટની તમામ FIR રદ કરી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સાથે જોડાયેલી તમામ FIRને રદ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે આ નિર્ણય માટે બંધારણની કલમ 142માં આપેલી સત્તાઓનો ઉપયોગ કર્યો. જોકે, સરકારે કહ્યું કે પ્રદર્શન દરમિયાન ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા 2,873 લોકો ત્યાં પહોંચ્યા હતા. આમાંથી જે લોકોએ તે દરમિયાન મારપીટ અથવા સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હોય તો તેમના પર આ કેસ ચાલુ રહેશે. સુનાવણી પહેલાં કોકરોચ જનતા પાર્ટીએ 5 સપ્ટેમ્બરના માર્ચને પાછો ખેંચી લીધો.

### મોહન ભાગવત પર સામ પિત્રોડાના પ્રહાર

## મુસ્લિમ-ખ્રિસ્તી, યહૂદી અને બૌદ્ધોને પૂછો કે તેઓ ભારતમાં કેવું અનુભવે છે

નવી દિલ્હી

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના ચેરમેન સેમ પિત્રોડાએ પીએમ મોદી, RSS પ્રમુખ મોહન ભાગવત અને કેન્દ્ર સરકાર પર અનેક મુદ્દાઓને લઈને નિશાન સાધ્યું. તેમણે વડાપ્રધાનના 'માનસિક નક્સલ' વાળા નિવેદન પર કહ્યું કે ગરીબો, દલિતો અને લઘુમતીઓના પક્ષમાં બોલવું નક્સલવાદ કે સામ્યવાદ નથી. ન્યૂઝ એજન્સી ANI સાથેની વાતચીતમાં પિત્રોડાએ કહ્યું કે માનવતાને દરેક વસ્તુથી ઉપર રાખવી જોઈએ અને બધા લોકો એક જ જગ્યાએથી આવ્યા છે. જ્યારે RSS પ્રમુખ મોહન ભાગવતના નિવેદન પર તેમણે કહ્યું કે મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને યહૂદી લોકોને પૂછવું જોઈએ કે તેઓ આજે ભારતમાં કેવું અનુભવે છે. ખરેખર, 15 ઓગસ્ટના ભાષણમાં મોદીએ કહ્યું હતું કે દેશમાંથી નક્સલવાદ ખતમ થઈ ગયો છે પરંતુ દિમાગી નક્સલ હજુ પણ રહેલો છે. ભાગવતે અમેરિકાના પ્રવાસ પર કહ્યું હતું કે જો કોઈ હિંદુ એવું વિચારે છે કે ભારતમાં મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિંદુ રહી શકે નહીં. ભાગવતના નિવેદન પર- ફક્ત એટલું કહેવું પૂરતું નથી કે મુસ્લિમ, ખ્રિસ્તી, યહૂદી અને બૌદ્ધનું સન્માન કરવામાં આવે છે. જો વ્યવહારમાં તેનાથી વિપરીત થાય છે, તો કથની અને કરણીમાં તફાવત દેખાય છે. કોઈના વિશે કહેવાયેલી વાતો કરતાં તેની સાથે કરવામાં આવતો વ્યવહાર વધુ મહત્વનો છે.

# નિવૃત્તિ પછી ફરી નોકરીનો ખેલ: યુવાનોના ભવિષ્ય સામે મોટો ખતરો

## AMCમાં 3 વર્ષમાં 210થી વધુ પુન:નિયુક્તિનો કોંગ્રેસનો દાવો; 2015થી અત્યાર સુધીનો આંકડો 1,000ને પાર

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનથી લઈને સમગ્ર ગુજરાતના સરકારી વિભાગોમાં નિવૃત્તિ પછી પણ અધિકારીઓને ફરીથી નોકરીએ રાખવાની નીતિ સામે હવે મોટો વિવાદ ઊભો થયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોઓર્ડિનેટર હેમાંગ રાવલે માહિતી અધિકાર કાયદા હેઠળ મળેલી વિગતો જાહેર કરીને રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

### આરટીઆઈથી સામે આવ્યા ચોંકાવનારા આંકડા

આરટીઆઈથી પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા ત્રણ વર્ષમાં જ ૨૧૦થી વધુ નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓને કરાર આધારિત નોકરીમાં ફરીથી ગોઠવી દેવામાં આવ્યા છે. જો ૨૦૧૫થી અત્યાર સુધીનો આંકડો જોવામાં આવે તો માત્ર અમદાવાદમાં જ આવા કર્મચારીઓની સંખ્યા ૧,૦૦૦ને વટાવી જાય છે. કેટલાક કિસ્સાઓમાં તો વર્ષ ૨૦૧૫માં નિવૃત્ત થયેલા અધિકારીઓ આજે ૨૦૨૬માં પણ પોતાની ખુરશી સાચવીને બેઠા છે.

કોંગ્રેસે આશંકા વ્યક્ત કરી છે કે માત્ર એક શહેરમાં આ સ્થિતિ હોય તો સમગ્ર ગુજરાતની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને સરકારી નિગમો મળીને ૧૦,૦૦૦થી વધુ નિવૃત્તોને સરકારી ખર્ચે ફરીથી રોજગાર આપવામાં આવી રહ્યો હોઈ શકે છે.

### વેતન નીતિ અને સુવિધાઓ પર ગંભીર સવાલો

સૌથી ગંભીર પ્રશ્ન વેતન નીતિ અને સરકારી સુવિધાઓ અંગે ઊભો થયો છે. નિવૃત્ત અધિકારીઓને રાખવા માટે કોઈ એક સમાન નીતિ નથી. કોઈને ફિક્સ પગાર આપવામાં આવે છે, તો કોઈને છેલ્લા બેઝિક પગારના ૩૫ ટકા અને કેટલાક કિસ્સામાં પે માઈનસ પેન્શન પદ્ધતિથી નાણાં ચૂકવાય છે.

ઉદાહરણ તરીકે, દોઢ લાખ રૂપિયાનો પગાર ધરાવતા અધિકારીને ૭૦ હજાર પેન્શન મળતું હોય, તો વધારાના ૮૦ હજાર રૂપિયા પગાર તરીકે ચૂકવીને સરકારી તિજોરી પર બોજ નાખવામાં આવે છે. આ ઉપરાંત નિવૃત્તિ પછી પણ સરકારી ગાડી, ડ્રાઈવર, સરકારી બંગલો, પટાવાળા અને મોબાઈલ જેવી તમામ સુવિધાઓ ચાલુ રાખવામાં આવે છે. કોંગ્રેસના આંકડા મુજબ માત્ર અમદાવાદ કોર્પોરેશનમાં જ છેલ્લા દસ વર્ષમાં આવા પુન:નિયુક્ત અધિકારીઓ પાછળ ૨૦૦ કરોડ રૂપિયાથી વધુનો ધુમાડો કરવામાં આવ્યો છે.



### બેરોજગાર યુવાનો સાથે અન્યાય અને પ્રમોશન અટકવાની સમસ્યા

આ નીતિના કારણે સૌથી મોટો અન્યાય ગુજરાતના બેરોજગાર યુવાનો સાથે થઈ રહ્યો છે. એક તરફ રાજ્યના લાખો યુવાનો વર્ષો સુધી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી રહ્યા છે અને નવી ભરતીની રાહ જોઈ રહ્યા છે, બીજી તરફ નિવૃત્ત થઈ ગયેલા લોકોને ફરીથી ગોઠવી દેવાતા નવી ભરતીના રસ્તા બંધ થઈ જાય છે. સાથે જ, નીચલા ક્રમે કામ કરતા નિયમિત કર્મચારીઓના પ્રમોશન પણ અટકી પડે છે.

### જવાબદારી અને ભ્રષ્ટાચારના મુદ્દે અસ્પષ્ટતા

બીજો મહત્વનો પ્રશ્ન જવાબદારી અને પારદર્શિતાનો છે. જો કોઈ કોન્ટ્રાક્ટ પર કામ કરતો નિવૃત્ત અધિકારી ભ્રષ્ટાચાર કે ગેરરીતિ કરે તો તેની સામે કાર્યવાહી કઈ રીતે કરવી તેનો કોઈ સ્પષ્ટ કાયદાકીય ઢાંચો નથી. ભૂતકાળમાં હાટકેશ્વર બ્રિજ જેવા વિવાદો સામે આવી ચૂક્યા છે, ત્યારે આવા અધિકારીઓ સામે નાણાકીય કે કાયદાકીય જવાબદારી નક્કી કરવી મુશ્કેલ બની જાય છે.

### શ્વેતપત્ર જાહેર કરવાની અને કાયમી ભરતીની માગ

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર પાસે તમામ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓમાં પુન:નિયુક્ત કરાયેલા તમામ કર્મચારીઓ અને અધિકારીઓ અંગે એક શ્વેતપત્ર જાહેર કરવાની માગ કરવામાં આવી છે. રાજ્યમાં કાયમી ભરતી શરૂ કરવામાં આવે, કાયદેસરના કર્મચારીઓને પ્રમોશન આપવામાં આવે અને વિશેષ સંજોગો સિવાય નિવૃત્તોને ફરી નોકરીએ રાખવાની આ પરંપરા તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## જીગ્નેશ પટેલ પર હુમલા બાદ મહુધામાં તંત્રનું બુલડોઝર એક્શન: અસામાજિક તત્વોના ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત!

ખેડા

ખેડા જિલ્લાના મહુધામાં હિન્દુ યુવક જીગ્નેશ પટેલ પર થયેલા પ્રાણઘાતક હુમલાના વિરોધમાં ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યા બાદ હવે તંત્ર આક્રમક મૂડમાં આવી ગયું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ હાથમાંથી ન જાય અને ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વોમાં ભય પેદા થાય તે માટે પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કડક બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોમ મિનિસ્ટ્રી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓના નિર્દેશ બાદ સ્થાનિક તંત્ર લાલઘૂમ બન્યું છે. આ ગુનાહિત કૃત્યમાં સંકળાયેલા અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા તત્વો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર કબ્જા અને સરકારી જમીન પરના બાંધકામોને બુલડોઝર ફેરવીને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે. કાયદો-વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર મહુધા વિસ્તારમાં ભારે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પેટ્રોલીંગ ચાલુ કરી દેવાયું છે. તંત્રના આ કડક વલણથી વિસ્તારના અસામાજિક તત્વો અને ગુનાહિત પ્રવૃત્તિ કરતા લોકોમાં ભારે ફાળ પડી ગઈ છે. સ્થાનિક તંત્ર અને પોલીસ પ્રશાસને આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ અને કડક સંદેશ આપ્યો છે કે શાંતિપૂર્ણ વાતાવરણ રોળવાનો કે કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરનાર ગમે તેટલો વગદાર હશે તો પણ તેને બક્ષવામાં આવશે નહીં. જીગ્નેશ પટેલ પર હુમલો કરનાર તમામ આરોપીઓને ઝડપી પાડીને તેમની સામે સખતમાં સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## રાજકોટ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા: લૂંટના બે અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલાયો, 4 શાતિર આરોપીઓ જેલહવાલે!

રાજકોટ

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને મજબૂત બનાવવા માટે સક્રિય થયેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમને મોટી સફળતા સાંપડી છે. શહેરના ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી લૂંટની બે ગંભીર અને અનડિટેક્ટ ઘટનાઓનો ભેદ ઉકેલીને પોલીસે ૪ જેટલા શાતિર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ શહેરમાં નાગરિકોને નિશાન બનાવી લૂંટ ચલાવતી ટોળકી સક્રિય થઈ હોવાની વિગતો સામે આવી રહી હતી. આ મામલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કને સક્રિય કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસની ઝીણવટભરી તપાસ અને ચોક્કસ માહિતીના આધારે લૂંટની બે અલગ-અલગ વારદાતમાં સંકળાયેલા ૪ મુખ્ય આરોપીઓને દબોચી લેવામાં આવ્યા છે. આરોપીઓની આકરી પૂછપરછ દરમિયાન ગાંધીગ્રામ-૨ અને તાલુકા પોલીસ મથકે નોંધાયેલા લૂંટના ગુનાઓની કબૂલાત સામે આવી છે.

ઝડપાયેલા આરોપીઓની તલાશી અને પૂછપરછ બાદ પોલીસે લૂંટમાં વપરાયેલ અને લૂંટેલ કિંમતી સામાન કબજે કર્યો છે. વાહનો અને હથિયાર: લૂંટની વારદાતમાં ઉપયોગમાં લેવાયેલી ૨ એક્સેસ મોટરસાઈકલ અને ભય બતાવવા માટે વપરાયેલી તીક્ષ્ણ છરી.

## સોસાયટીમાં કાળ બનીને દોડેલી કારે 3 વર્ષના જોયનો માસૂમ જીવ લીધો: વડોદરાના શ્રી ગ્રિલ ફ્લેટમાં કાળજું કંપાવનારી ઘટના!

વડોદરા

વડોદરા શહેરના શ્રી ગ્રિલ ફ્લેટ પરિસરમાં ગઈકાલે રાત્રે એક અત્યંત કાળજું કંપાવી દેનારો અકસ્માત સર્જાયો છે. રાત્રિના સમયે જમ્યા બાદ પિતા પોતાના ૩ વર્ષના માસૂમ પુત્ર જોય સોલંકીને ફ્લેટ નીચે ખુલ્લી હવામાં ફેરવવા માટે લઈ ગયા હતા. આ દરમિયાન સોસાયટીમાં જ રહેતા એક કાર ચાલકની ઘોર બેદરકારી અને પૂરઝડપે હંકારાતી કારે રમતા માસૂમ બાળકને કચડી નાખતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ ઘટના ક્ષણભરમાં બની ગઈ હતી. રાત્રિના સુમારે જમ્યા પછી ફ્લેટ નીચે કમ્પાઉન્ડમાં પિતા બાળક સાથે ટેહલી રહ્યા હતા. એ જ સમયે સોસાયટીમાં જ રહેતા કાર ચાલકે બેદરકારીપૂર્વક કાર ચલાવીને ૩ વર્ષના જોયને અડફેટે લીધો હતો.

અકસ્માત થતાં જ લોહીલુહાણ હાલતમાં પડેલા માસૂમ પુત્રને જોઈને પિતાના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. પિતા તાત્કાલિક બાળકને બચાવવાના અથાક પ્રયાસો સાથે હોસ્પિટલ તરફ દોડ્યા હતા.

હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ માસૂમ જોયને તપાસીને મૃત જાહેર કર્યો હતો. બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યો છે.

## અમદાવાદના આ 'અજાણ્યા વારસદારો' જેમણે બિનવારસી અને એકલવાયા મૃતકોને આપી સન્માનજનક વિદાય

અમદાવાદ

જેનું આ દુનિયામાં કોઈ નથી અથવા તો વિપરીત પરિસ્થિતિઓમાં જેઓ એકલવાયું આયુષ્ય પૂરું કરીને આ ફાની દુનિયામાંથી વિદાય લે છે, તેમના માટે અમદાવાદના કેટલાક ઉમદા દિલના નાગરિકો 'પોતાના સ્વજન' બનીને આંગણે ઊભા રહે છે. આજનો માણસ જ્યારે દોડધામ અને સ્વાર્થની દુનિયામાં વ્યસ્ત છે, ત્યારે અમદાવાદના આ અનામી સેવકો મૃત્યુ પછી પણ માનવ ગરિમા, ધાર્મિક આસ્થા અને સન્માન જાળવવાનું અત્યંત ભગીરથ કાર્ય કરી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' આજે તેના વાચકો સમક્ષ સમાજના એવા જ કેટલાક સાચા અને નિઃસ્વાર્થ નાયકોની પ્રેરણાદાયી કથા રજૂ કરી રહ્યું છે.

શહેરમાં રહેતા રોહિત પટેલ નામના સેવાભાવી નાગરિકે તાજેતરમાં જ મુંબઈથી અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં શિફ્ટ થયેલા એક પરિવારને મુશ્કેલ સમયમાં મદદનો હાથ લંબાવ્યો હતો.

### બોર્ડ ચકાસણીમાં મોટો ધડાકો!

# વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે મોટો ખેલ: 3,334 શિક્ષકોને સાદા સરવાળા પણ ન આવડ્યા

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ધોરણ ૧૦ (SSC) અને ધોરણ ૧૨ (HSC) ની ઉત્તરવહી મૂલ્યાંકન કામગીરી બાદ સામે આવેલા આંકડાઓએ સમગ્ર શિક્ષણ જગતમાં સન્નાટો મચાવી દીધો છે. ડિગ્રીઓ ધારણ કરીને શાળાઓમાં બાળકોને ભણાવતા રાજ્યના ૩,૩૩૪ શિક્ષકોએ ઉત્તરવહીઓમાં ગુણનો સાદો સરવાળો કરવામાં ગંભીર ભૂલો કરી હોવાનો પર્દાફાશ થયો છે.

બોર્ડના પરિણામો જાહેર થયા બાદ જ્યારે વિદ્યાર્થીઓએ રી-ચેકિંગ અને ગુણ ચકાસણી માટે અરજીઓ કરી, ત્યારે મૂલ્યાંકન કરનારા શિક્ષકોની ઘોર બેદરકારી સામે આવી હતી:

શિક્ષકોનો વિભાગવાર આંકડો: દંડાયેલા શિક્ષકોમાં ધોરણ ૧૦ ના ૧,૬૭૧, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૧,૧૩૭ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૫૨૬ શિક્ષકોનો સમાવેશ થાય છે.

ભૂલ દીઠ રૂ. ૧૦૦ નો દંડ: બોર્ડના નિયમ મુજબ ૧ ગુણની ભૂલ બદલ શિક્ષકને રૂ. ૧૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. કેટલાક કિસ્સાઓમાં તો ૧૦૦ થી પણ વધુ ગુણની ગંભીર ભૂલો જોવા મળી છે, જેના કારણે કેટલાક શિક્ષકોને રૂ. ૧૦,૦૦૦ થી વધુનો દંડ પણ થયો છે.

૫૦ લાખથી વધુની રકમ વસૂલાશે: બોર્ડ દ્વારા આ ૩,૩૩૪ શિક્ષકો પાસેથી કુલ રૂ. ૫૦ લાખથી વધુની રકમ દંડ સ્વરૂપે વસૂલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

સરવાળાની સામાન્ય ભૂલના કારણે અનેક હોંશિયાર વિદ્યાર્થીઓનું પરિણામ બગડ્યું હતું અને કેટલાક પાસ થતા વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા હતા.

માનસિક ત્રાસ: બોર્ડના પેપરોમાં પોતાના પર ભરોસો હોવા છતાં ઓછા ગુણ આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે માનસિક તણાવમાંથી પસાર થયા હતા.

શિક્ષણની ગુણવત્તા પર સવાલો: જે શિક્ષકો મૂલ્યાંકનમાં સામાન્ય સરવાળા કરવામાં ભૂલો કરતા હોય, તેઓ શાળાઓમાં વિદ્યાર્થીઓને ગણિત કે અન્ય વિષયો કઈ ગુણવત્તા સાથે ભણાવતા હશે તે મોટો પ્રશ્નાર્થ છે.

બોર્ડ દ્વારા આ તમામ શિક્ષકોને ૭ દિવસમાં દંડની રકમ ભરવા આદેશ કરવામાં આવ્યો છે, પરંતુ માત્ર રૂ. ૧૦૦ કે રૂ. ૧,૦૦૦ નો દંડ ફટકારી દેવાથી આ ગંભીર સમસ્યાનો ઉકેલ આવી શકે નહીં. વાલીઓ અને પ્રબુદ્ધ નાગરિકોની માગ છે કે આવી ગંભીર બેદરકારી દાખવનાર શિક્ષકો સામે કડક વહીવટી પગલાં લેવામાં આવે, તેમનું ફરીથી ગણિત અને મૂલ્યાંકન તાલીમ યોજવામાં આવે અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે આવી રમતો ન રમાય તેવી મજબૂત સિસ્ટમ ઊભી કરવામાં આવે.



### ખાનગી ક્ષેત્રના NCC કેડેટ્સ માટે દેશભક્તિનો નવો અધ્યાય

## રાષ્ટ્રીય કેમ્પનો તમામ ખર્ચ હવે ઉઠાવશે સરકાર!

ગાંધીનગર

ગુજરાત અને દેશભરના યુવાનોમાં શિસ્ત, દેશભક્તિ અને નેતૃત્વના ગુણોનું સિંચન કરતી નેશનલ કૅડેટ કોર (NCC) ને લઈને કેન્દ્ર સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને વિદ્યાર્થીહિતકારી પહેલ શરૂ કરવામાં આવી છે. હવેથી સરકારી જ નહીં, પરંતુ ખાનગી સ્કૂલો અને કોલેજોમાં ભણતા NCC કેડેટ્સ જ્યારે પણ રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કેમ્પમાં ભાગ લેશે, ત્યારે તેમનો તમામ આર્થિક ખર્ચ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ભોગવવામાં આવશે. ભૂતકાળમાં સરકારી શાળાઓ અને કોલેજોના કેડેટ્સને



કેમ્પ માટે આર્થિક સહાય મળતી હતી, જ્યારે ખાનગી ક્ષેત્રની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને કેમ્પમાં ભાગ લેવા માટે ટ્રેન ભાડું, ખોરાક, યુનિફોર્મ અને અન્ય તાલીમ ખર્ચ પોતાની જેબમાંથી અથવા તો સંસ્થા દ્વારા ભોગવવો પડતો હતો. આ ભેદભાવના કારણે અનેક પ્રતિભાશાળી અને આર્થિક રીતે સામાન્ય પરિવારમાંથી આવતા ખાનગી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પથી વંચિત રહી જતા હતા.

સરકારના આ નિર્ણયથી દેશભરના લાખો NCC કેડેટ્સમાં નવો ઉત્સાહ અને તરવરાટ જોવા મળી રહ્યો છે: સમાન તક અને પ્રોત્સાહન: સરકારી અને ખાનગી શાળા-કોલેજો વચ્ચેનો તફાવત નાબૂદ થશે. દરેક લાયક કેડેટને પોતાના કૌશલ્યના આધારે નેશનલ કેમ્પમાં જવાની સમાન તક મળશે.

કેમ્પ દરમિયાન થતો પ્રવાસ ખર્ચ, રહેવા-જમવાની વ્યવસ્થા, સ્પેસિફિક ગિયર અને ટ્રેનિંગ એક્સપેન્સનો સંપૂર્ણ ભારો સરકાર વહન કરશે.

આ નિર્ણયથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ એનસીસી તરફ આકર્ષાશે, જે ભવિષ્યમાં ભારતીય સશસ્ત્ર દળો (આર્મી, નેવી, એરફોર્સ)માં યુવા શક્તિના જોડાણને મોટો બુસ્ટ આપશે.

### અમદાવાદના બાપુનગરમાં કોંગ્રેસનો ઝંઝાવાતી વિરોધ

## રાહુલ ગાંધી સામેની 'ખોટી' ફરિયાદ રદ કરવા અને ઉત્તરાખંડ હિંસાના ભાજપી ગુનેગારો સામે FIRની સણસણતી માગ!

અમદાવાદ

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ફરિયાદને પગલે અમદાવાદમાં રાજકીય પારો ચરમસીમાએ પહોંચી ગયો છે. રાહુલ ગાંધી સામે રચાયેલા કથિત ષડયંત્ર અને ઉત્તરાખંડમાં હિંસા-અરાજકતા ફેલાવનારા સત્તાધારી ભાજપના કાર્યકરો સામે પગલાં ન લેવાતાં, અમદાવાદના બાપુનગર ખાતે કોંગ્રેસના તમામ પાંખોના હોદ્દેદારો અને કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ભાજપ સરકાર સામે આક્રોશપૂર્ણ દેખાવો કર્યા હતા. બાપુનગરમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના સિનિયર હોદ્દેદારો, જનપ્રતિનિધિઓ, યુવા કોંગ્રેસ, NSUI, મહિલા કોંગ્રેસના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો એકત્રિત થયા હતા. ભાજપ સરકારની વિરોધી નીતિઓ અને પોલીસ તંત્રના દુરુપયોગ સામે કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષના અવાજ અને લોકસભામાં પ્રજાનો અવાજ બનેલા રાહુલ ગાંધીને દબાવવા માટે આ પાયાવિહોણી ફરિયાદોનો આશરો લેવાઈ રહ્યો છે.

### કઠલાલના પીઠાઈમાં શિક્ષણ જગત શર્મસાર!

## પીઠેશ્વરી વિદ્યામંદિરમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક કમલેશ પટેલ નશાની હાલતમાં ઝડપાયાનો આક્ષેપ

ખેડા

ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના પીઠાઈ સ્થિત પીઠેશ્વરી વિદ્યામંદિરમાંથી વિદ્યાના ધામને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. શાળામાં ગણિત અને વિજ્ઞાન જેવા મહત્વના વિષયો ભણાવતા શિક્ષક કમલેશકુમાર પટેલ ખુદ શાળા સમય દરમિયાન નશાની હાલતમાં હોવાના ગંભીર આક્ષેપો ઉઠતાં સમગ્ર શિક્ષણ આલમમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

શિક્ષકના નશામાં હોવાની ફરિયાદો અને આક્ષેપોની ગંભીરતાને ધ્યાને રાખીને ખેડા જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કલ્પેશ રાવલ પોતે એક્શન મોડમાં આવ્યા હતા. તેમણે કોઈ પણ પૂર્વ સૂચના વગર પીઠેશ્વરી વિદ્યામંદિરની આકસ્મિક મુલાકાત (Surprise Visit) લેતાં શાળા સંચાલકો અને લફંગા શિક્ષકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. DEO દ્વારા સ્થળ પર જઈને સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી અને જરૂરી સ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો.

સરસ્વતીના ધામમાં આ દૂષણ



કોના આશીર્વાદથી?: જે શિક્ષકના હાથમાં બાળકોનું ભવિષ્ય ઘડવાની જવાબદારી છે, તે જ જો નશામાં ધૂત થઈને વર્ગખંડમાં આવશે તો બાળકોને શું સંસ્કાર મળશે? શું ગણિત-વિજ્ઞાનના શિક્ષકની આ હરકતો વિશે શાળાના આચાર્ય કે ટ્રસ્ટી મંડળને અગાઉ કોઈ જાણ નહોતી? કે પછી સમગ્ર મામલે અત્યાર સુધી ઢાંકપિછોડો કરવામાં આવતો હતો? કાયદાના ધજાગરા ઉડાવીને વિદ્યાના ધામ સુધી નશાકારક પદાર્થો ઘૂસાડનારા અને પીનારા શિક્ષકો સામે પોલીસ ક્યારે આકરી કાર્યવાહી કરશે? ગુરુનું પદ અત્યંત પવિત્ર ગણાય છે, પરંતુ કમલેશ પટેલ જેવા કાળી ઘેટાં જેવા શિક્ષકો આખા શિક્ષણ જગતને બદનામ કરી રહ્યા છે. ખેડા DEO કલ્પેશ રાવલ અને શિક્ષણ વિભાગ માત્ર કાગળ પર તપાસના નાટકો કરવાને બદલે આરોપી શિક્ષક સામે તાત્કાલિક અસરથી કડક ખાતાકીય કાર્યવાહી કરે, સસ્પેન્ડ કરે અને દાખલારૂપ ફોજદારી પગલાં ભરે તેવી વાલીઓ અને 'પાક્કો ગુજરાત'ની ઉગ્ર માગ છે.

### કડોદરા GIDC રૂ.34 લાખના કેમિકલ ચોરી કેસમાં મોટો ધડાકો

## ખોટા GST બિલના નામે ફસાવેલા આરોપી ધવલકુમાર પટેલને હાઈકોર્ટે આપ્યા જામીન!

### શું કડોદરા GIDC પોલીસે ઉતાવળમાં આવીને વગર પુરાવે ધવલકુમાર પટેલ પર ખોટા આક્ષેપો મૂકી ધરપકડ કરી હતી?

સુરત

સુરત જિલ્લાના કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ચર્ચાસ્પદ બનેલા રૂ. 34 લાખના કેમિકલ ચોરી અને ગેરરીતિના ગુનામાં હાઈકોર્ટ તરફથી આરોપી પક્ષને મોટી રાહત મળી છે. ખોટા GST બિલ બનાવવાના આરોપસર જેલહવાલે કરાયેલા આરોપી ધવલકુમાર પટેલને ગુજરાત હાઈકોર્ટે સશરત જામીન મુક્ત કરવાનો મહત્વપૂર્ણ હુકમ કર્યો છે.



પોલીસી તપાસ અને GST કૌભાંડના આક્ષેપો પર એડવોકેટ જયરાજસિંહ સોલંકીની જોરદાર દલીલો

આ કેસની વિગત મુજબ, પોલીસે રૂ. 34 લાખની કિંમતના કેમિકલની ચોરી કરવા તેમજ તેના આધારે બોગસ GST બિલ બનાવી ગેરરીતિ આચરવાના ગંભીર આરોપો સાથે ધવલકુમાર પટેલની ધરપકડ કરી હતી. હાઈકોર્ટમાં ધારદાર રજૂઆત કરતા આરોપી તરફથી ઉપસ્થિત બ્રિલિયન્ટ એડવોકેટ જયરાજસિંહ ડી. સોલંકીએ કોર્ટ સમક્ષ ધારદાર તર્કો રજૂ કર્યા હતા:.

પોલીસ તપાસમાં આરોપી વિરુદ્ધ કેમિકલ ચોરી કે ખોટા GST બિલિંગમાં સીધી સંડોવણી દર્શાવતો કોઈ પણ પ્રથમદર્શી કે આક્ષેપિત પુરાવો મળી આવ્યો નથી.

માત્ર શંકાના આધારે આરોપીને લાંબા સમય સુધી જેલમાં રાખવો એ ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

કેસમાં મુખ્ય પુરાવાઓ એકત્ર થઈ ચૂક્યા હોવાથી આરોપીની કસ્ટડીની હવે કોઈ જરૂરિયાત રહેતી નથી.

એડવોકેટ જયરાજસિંહ ડી. સોલંકીની ધારદાર અને કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી ગુજરાત હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપી વિરુદ્ધ કેસની પ્રાથમિક તબક્કે નક્કર પુરાવાઓનો અભાવ છે. તમામ દલીલો સાંભળ્યા બાદ નામદાર હાઈકોર્ટે ધવલકુમાર પટેલને તાત્કાલિક અસરથી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

## દહેગામ બને છે અખાદ્ય અને કેમિકલયુક્ત ઝેરી દૂધનું 'હબ': અમરેલીથી દહેગામ આવતો 4500+ લીટર શંકાસ્પદ દૂધનો જથ્થો ઝડપાયો!

### દહેગામ વિસ્તારમાં માત્ર અમરેલી જ નહીં, પરંતુ રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ સરહદી રાજ્યોમાંથી મોટા પાયે નકલી, કેમિકલયુક્ત અને માનવ શરીર માટે અતિશય હાનિકારક એવા અખાદ્ય પદાર્થો ઘૂસાડવામાં આવી રહ્યા છે

અમદાવાદ

અમરેલીથી દહેગામ તરફ આવી રહેલો ૪૫૦૦ લીટરથી વધુ શંકાસ્પદ દૂધનો જથ્થો ઝડપાતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ માત્ર એક જથ્થો નથી, પણ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાને અખાદ્ય અને બનાવટી દૂધનું કેન્દ્ર બનાવી દેનારા માફિયાઓનું મોટું નેટવર્ક છતું કરે છે.

દહેગામ વિસ્તારમાં માત્ર અમરેલી જ નહીં, પરંતુ રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ સરહદી રાજ્યોમાંથી મોટા પાયે નકલી, કેમિકલયુક્ત અને માનવ શરીર માટે અતિશય હાનિકારક એવા અખાદ્ય પદાર્થો ઘૂસાડવામાં આવી રહ્યા છે. લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરીને લાખો રૂપિયાનો ગેરકાયદેસર કાળો કારોબાર ધમધમી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં અને ખાસ કરીને દહેગામમાં કોઈ પણ જાતના ફૂડ સેફ્ટી લાયસન્સ વગર દૂધ અને દૂધની બનાવટોના ગેરકાયદે ડેરી પ્લાન્ટ્સ તેમજ ગોડાઉનો ચાલી રહ્યા છે. નિયમોની ચોખ્ખી ઐસી-તૈસી કરીને આડેધડ ચાલતા આ વેપાર પર અત્યાર સુધી કડક લગામ કેમ ન કસાઈ, તે એક મોટો પ્રશ્ન છે.

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા માત્ર દરોડાની નાટકબાજી કરવાને બદલે આ ગેરકાયદેસર વેપાર પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવે. દહેગામ અને આસપાસના વિસ્તારોમાં રાત-દિવસ સઘન ચેકિંગ પોઈન્ટ્સ ઊભા કરીને સરહદી વિસ્તારોમાંથી આવતા દરેક શંકાસ્પદ વાહનનું સેમ્પલિંગ કરવામાં આવે. વગર લાયસન્સે કેમિકલયુક્ત અને અખાદ્ય દૂધ વેચનારા તેમજ બનાવનારા માફિયાઓ સામે માત્ર દંડકીય કાર્યવાહી નહીં, પરંતુ કડકમાં કડક ફોજદારી ગુનો (ગંભીર આઈપીસી/બીએનએસ કલમો હેઠળ) નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે. જો તંત્ર હજુ પણ આંખ આડા કાન કરશે, તો દહેગામના નિર્દોષ નાગરિકો અને ભૂલકાંઓના આરોગ્ય સાથે થતા આ ઝેરી ખેલ સામે 'પાક્કો ગુજરાત' જનતાનો અવાજ બનીને ઉગ્ર લડત ચલાવશે.

## GIDC એમ્નેસ્ટી યોજના જાહેર!

# ગુજરાતમાં 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને મોટો વેગ: CM ભૂપેન્દ્ર પટેલનો ઉદ્યોગકારો માટે ઐતિહાસિક નિર્ણય

### રાજ્યના નાના અને મધ્યમ કક્ષાના (MSME) ઉદ્યોગકારો માટે જૂના બાકી રહેલા સ્ટેમ્પ ડ્યુટીના કેસોમાં ખૂબ જ સરળતાથી નિકાલનો માર્ગ મોકળો થયો



અમદાવાદ

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડવા અને નાના-મોટા ઉદ્યોગકારોને મોટી રાહત આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઉદ્યોગકારો અને GIDC એસોસિએશન દ્વારા રજૂ કરવામાં આવેલા પડતર પ્રશ્નો અને મુશ્કેલીઓનો સકારાત્મક પ્રતિસાદ આપતાં રાજ્ય સરકારે 'GIDC એમ્નેસ્ટી યોજના' અમલી બનાવવાની જાહેરાત કરી છે. તંત્રની જટિલ પ્રક્રિયાઓમાંથી ઉદ્યોગકારોને મુક્તિ અપાવતો આ નિર્ણય ગુજરાતના MSME સેક્ટર અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે વરદાનરૂપ સાબિત થશે.

સ્ટેમ્પ ડ્યુટીમાં બમ્પર રાહત: GIDCના પ્લોટ ધારકો માટે સ્ટેમ્પ ડ્યુટીના ભારણમાં મોટો ઘટાડો કરીને સરકારી પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવામાં આવી છે.

રાજ્યના નાના અને મધ્યમ કક્ષાના (MSME) ઉદ્યોગકારો માટે જૂના બાકી રહેલા સ્ટેમ્પ ડ્યુટીના કેસોમાં ખૂબ જ સરળતાથી નિકાલનો માર્ગ મોકળો થયો છે. આ એમ્નેસ્ટી યોજના હેઠળ MSME ઉદ્યોગકારોને બાકી સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા સુધીનીંગી રાહત આપવામાં આવશે, જે ઉદ્યોગકારોનું મોટું આર્થિક ભારણ હળવું કરશે.

વર્ષોથી સ્ટેમ્પ ડ્યુટીના જૂના પ્રશ્નો અને ટેકનિકલ ગૂંચવણોના કારણે અનેક MSME એકમો કાનૂની અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. નવી એમ્નેસ્ટી યોજનાના કારણે આ તમામ અટકાયેલા કેસોનો ઝડપી નિકાલ થશે.

આ નિર્ણયથી માત્ર જૂના વિવાદોનો અંત નહીં આવે, પરંતુ ઉદ્યોગકારોની વર્કિંગ કેપિટલ પણ બચશે, જેનો ઉપયોગ તેઓ પોતાના ધંધાના વિસ્તરણ અને નવી રોજગારીની તકો ઊભી કરવા માટે કરી શકશે.

મુખ્યમંત્રીશ્રીનો આ રિસ્પોન્સિવ અભિગમ સાબિત કરે છે કે ગુજરાત સરકારી પ્રક્રિયાઓને સરળ બનાવીને વાસ્તવિક અર્થમાં 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'નો અમલ કરી રહી છે. રાજ્યમાં નવા રોકાણોને આકર્ષવા અને સ્થાનિક MSME ઉદ્યોગોને મજબૂત કરવા માટે આ યોજના એક મજબૂત પાયારૂપ પગલું સાબિત થશે.

## ખેડૂતોના હક માટે ગોપાલ ઇટાલિયા આકરા પાણીએ : ઇસુદાન ગઢવીના ધરણામાં ભાજપ સરકારની આકરી ઝાટકણી!

દેવભૂમિ દ્વારકા

ખંભાળિયા અને દેવભૂમિ દ્વારકા વિસ્તારના ખેડૂતોના પડતર પ્રશ્નો, સિંચાઈના પાણી અને પાકના યોગ્ય ભાવ મુદ્દે આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી દ્વારા યોજાયેલા ધરણા પ્રદર્શનમાં રાજ્યના રાજકારણને ગરમાવો આવી ગયો છે. ખેડૂતોના સમર્થનમાં પહોંચેલા ગોપાલ ઈટાલિયાએ મંચ પરથી ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને ખેડૂત વિરોધી નીતિઓ સામે સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. ધરણા સ્થળ પરથી ખેડૂતોની વેદના વાચા આપતા ગોપાલ ઈટાલિયાએ રાજ્ય સરકાર અને સત્તાધારી પક્ષ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. જગતના તાતને પોતાના હક માટે, સિંચાઈના પાણી માટે અને વીજળી માટે રસ્તા પર ઊતરવું પડે તે સરકારની નિષ્ફળતા દર્શાવે છે. ચૂંટણી સમયે ઘર-ઘર ફરીને મત માંગતા ભાજપના નેતાઓ આજે જ્યારે ખેડૂતો ધરણા પર બેઠા છે ત્યારે તેમની સંવેદના ક્યાં જતી રહી છે? ખેત પેદાશોના યોગ્ય ભાવ આપવાના વચનો આપ્યા પછી સરકારે ખેડૂતોને કુરબાન કરી દીધા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. દ્વારકા જિલ્લાના સ્થાનિક ખેડૂતો મોટી સંખ્યામાં આ ધરણા પ્રદર્શનમાં જોડાયા હતા. ઈસુદાન ગઢવી અને આમ આદમી પાર્ટીના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે આ આંદોલન કોઈ રાજકીય રોટલો શેકવા માટે નથી, પરંતુ ખેડૂતોના અસ્તિત્વની લડાઈ છે.

## કનીજમાં ધમધમતા જુગાર પર SMCની રેડ : રૂપિયા 6.38 લાખનો મુદ્દામાલ જપ્ત

પાટણ

પાટણ જિલ્લામાં જુગારના અડ્ડાઓ સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ તવાઈ બોલાવી છે. SMCના પોલીસ ઈન્સ્પેક્ટર પી. પી. બ્રહ્મભટ્ટની ટીમે સમી પોલીસ સ્ટેશનની હદમાં કનીજ ગામની પ્રાથમિક શાળાની બાજુમાં જાહેરમાં સીસી રોડ પર ચાલતા પત્તા-પાનાના જુગારધામ પર દરોડો પાડી 4.97 લાખની રોકડ સહિત કુલ 6.38 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



કનીજ ગામમાં વિરાભાઈ કાનાભાઈના રહેણાંક મકાનની આગળ જાહેરમાં પત્તાની બાજી જામી હોવાની બાતમીના આધારે SMCએ દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમ ત્રાટકતાં જુગારીઓમાં નાસભાગ મચી હતી. સ્થળ પરથી 8 આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા, જ્યારે 4 આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. SMCની કાર્યવાહીમાં હિતેન્દ્રકુમાર ઉર્ફે એચ.કે. કાન્તીલાલ રાવળ, બચુભાઈ વેલાભાઈ નાડોદા, હરેશભાઈ ભરતભાઈ નાઈ, ભરતભાઈ ગણેશભાઈ આહીર, બળદેવભાઈ રામજીભાઈ રબારી, હમીરભાઈ ઈશ્વરભાઈ દેસાઈ, પ્રકાશકુમાર અર્જુનભાઈ રાવળ અને મુકેશભાઈ સોમાભાઈ પટેલ ઝડપાયા છે.

દરોડા દરમિયાન વિરાભાઈ કાનાભાઈ સહિત અન્ય ત્રણ આરોપીઓ પોલીસના હાથે ન લાગતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે સમી પોલીસ સ્ટેશનમાં જુગારધારા તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### ભાદર બીજના મેળા પહેલાં રસ્તાની કામગીરી સામે સવાલ

## કુકસના મેળા પહેલાં ખાડા પુરાયા, પણ રસ્તાની હાલત યથાવત; અધૂરી કામગીરીથી ગ્રામજનોમાં રોષ

સાધલી, હસમુખ પટેલ

ગુજરાત ભરમાં પ્રખ્યાત કુકસ મુકામે આવેલ શ્રી નાયાજી મહારાજ મંદિર મુકામે આગામી તારીખ 13 અને 14 સપ્ટેમ્બર ના રોજ ભાદર બીજ ના નામે પ્રખ્યાત મેળો ભરાનાર છે, અને હજારોની સંખ્યામાં શ્રી નાયાજી મહારાજને માનતા ધાર્મિક લોકો ઉમટી પડે છે. દર વર્ષે માર્ગ મકાન તંત્ર દ્વારા સાધલીથી કુકસ ના રસ્તા ઉપર પડી ગયેલા ખાડાઓ તથા ઝાડ કટીંગ ની કામગીરી કરવામાં આવે છે ,પરંતુ ચાલુ વર્ષે ગમે તે કારણોસર તંત્ર દ્વારા માત્ર અમુક ખાડાઓ માં કાચા માલથી પેચ વર્ક કરવામાં આવેલ છે, જે હાલ છૂટું પણ પડી ગયેલ છે, ડામર થી પેચ વર્ક કરવામાં આવતું નથી અને ગાડી સાથે આવેલા મજૂરો મન ફાવે તે ખાડાઓ પુરીને કામગીરી કરી ગયા નો સંતોષ અનુભવે છે.





ગ્રામજનો દ્વારા બતાવવામાં આવેલા ખાડાઓ માં પેચ વર્ક કરવામાં આવ્યું નથી. અને માણસો દ્વારા અધિકારીઓ દ્વારા ના પાડવામાં આવેલ છે,તેવું જણાવ્યું હતું.

સાધલી થી કુકસ જતા સૌ પ્રથમ પાણી પુરવઠા કચેરીની બહાર આખા રસ્તા ઉપર ખાડાઓ પડી ગયા છે, ત્યાં માત્ર છુટુ કપચુ નાખવામાં આવેલ છે. સુનીલ પટેલ ફાર્મ ની પાસે સળંગ ખાડાઓ પડી ગયા છે, છતાં પેચ વર્ક કરવામાં આવ્યું નથી, કુકસ ના પ્રવેશ દ્વારના મુખ્ય દરવાજા સામે મોટો ખાડો પડ્યો હોવા છતાં ત્યાં મરામત કરવામાં આવેલ નથી. આમ અધિકારી ની હાજરી વગર ગાડીના કર્મચારીઓ દ્વારા વેઠ ઉતાર કામગીરી કરી હોવાની બૂમ ઉઠેલ છે ,આગામી ભાદર બીજના મેળા પહેલા તાત્કાલિક વ્યવસ્થિત રીતે તમામ ખાડાઓ નું ડામરથી પેચ વર્ક કરવામાં આવે, તેવી માંગ કરવામાં આવેલ છે.

## ઝેરી દારૂકાંડની તપાસમાં મોટો ધડાકો: મુખ્ય આરોપીના સંપર્કમાં રહેલો પોલીસકર્મી ઝડપાયો

ભાવનગર

ભાવનગરના ચકચારી લઠ્ઠાકાંડની તપાસમાં હવે પોલીસકર્મીની સંડોવણી સામે આવતા સમગ્ર પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. મિથેનોલયુક્ત ઝેરી દારૂના કારણે થયેલા મોતના ગુનામાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની તપાસ દરમિયાન મુખ્ય આરોપી ગૌતમ વિરમભાઈ સોલંકીના સતત સંપર્કમાં રહેલા પોલીસ કર્મચારી રાજદિપસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલની પણ ધરપકડ કરવામાં આવી છે.

રાજદિપસિંહ ભાવનગર જિલ્લાના વેળાવદર-ભાલ સનેશ પોલીસ સ્ટેશનમાં આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે. 18 ઓગસ્ટે અકસ્માત મોતથી શરૂ થયેલી તપાસમાં મિથેનોલયુક્ત ઝેરી દારૂનું કૌભાંડ બહાર આવ્યું હતું. ત્યારબાદ વરતેજ પોલીસ સ્ટેશનમાં કુલ 21 આરોપીઓ સામે BNSની વિવિધ કલમો તેમજ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. DGP જી.એસ. મલિકની સૂચનાથી સમગ્ર તપાસ SMCને સોંપવામાં આવી હતી અને પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. જાડેજાએ તપાસનો દોર સંભાળ્યો હતો. તપાસ દરમિયાન SMCને મુખ્ય આરોપી ગૌતમ વિરમભાઈ સોલંકી અને પોલીસકર્મી રાજદિપસિંહ ગોહિલ વચ્ચે સતત સંપર્ક હોવાની વિગતો મળી હતી. તપાસમાં રાજદિપસિંહની આ ગુનામાં મદદગારી પ્રસ્થાપિત થતાં તેની ધરપકડ કરવામાં આવી છે. હવે તેને કોર્ટમાં રજૂ કરી પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરાશે. ઝેરી દારૂકાંડની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ આરોપીઓનું નેટવર્ક બહાર આવી રહ્યું છે. તપાસ દરમિયાન અત્યાર સુધી કુલ 39 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### રક્ષક જ બન્યો ભક્ષક!

## ભાવનગર ASP કચેરીના પોલીસ કર્મચારી રાજદીપ સિંહની લઠ્ઠાકાંડના બૂટલેગરો સાથે સાંઠગાંઠ ખુલ્લી પડી

ભાવનગર

ભાવનગર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. ભાવનગર ગ્રામ્ય ડિવિઝનના મદદનીશ પોલીસ અધીક્ષક (ASP) ઘનશ્યામ ગૌતમની કચેરીમાં જ ફરજ બજાવતા કાળી ઘેટાં જેવા પોલીસ કર્મચારી રાજદીપસિંહની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ખાખી વર્દીને દાગ લગાડતો આ પોલીસકર્મી કિલર લઠ્ઠાકાંડના મુખ્ય આરોપીઓ અને બૂટલેગરો સાથે સીધો સંપર્ક ધરાવતો હતો.



જે પોલીસના માથે પ્રજાના રક્ષણની અને દારૂબંધીના અમલની જવાબદારી છે, એ જ ખાખી વર્દી પાછળ બૂટલેગરોને આશ્રય આપવાનું મોટું ષડયંત્ર રચાઈ રહ્યું હતું. SMCની તપાસમાં સામે આવ્યું છે કે રાજદીપસિંહ બૂટલેગરોને પોલીસની દરેક હિલચાલ અને દરોડાની બાતમી અગાઉથી જ પહોંચાડી દેતો હતો. અસામાજિક તત્વો સાથે તાર જોડીને ખાખીનું નામ વટાવી રહેલા આ કર્મચારીની પોલ SMCએ છતી કરી દીધી છે. ઉચ્ચ અધિકારીઓની અજાણતા કે આંધળો વિશ્વાસ?: ASP કચેરી જેવા અત્યંત સંવેદનશીલ સ્થળે ફરજ બજાવતો કર્મચારી લઠ્ઠાકાંડના ગુનેગારો સાથે ખુલ્લેઆમ સંપર્કમાં હોય અને ઉચ્ચ અધિકારીઓને ગંધ પણ ન આવી? લાખો નિર્દોષોના જીવ સાથે ખેલ: ઝેરી લઠ્ઠો પીવાથી કેટલાય ઘરો ઉજડી ગયા, છતાં વર્દીધારી રાક્ષસો માત્ર પૈસાના લોભમાં બૂટલેગરોને છાવરતા રહ્યા! SMC દ્વારા કરવામાં આવેલી આ ધરપકડ તો માત્ર શરૂઆત છે, હજુ આ કાળા કારોબારમાં કેટલા મોટા માથા જોડાયેલા છે તે પણ બહાર આવવું જરૂરી છે. પોલીસ વિભાગમાં રહીને જ કાયદાના ધજાગરા ઉડાવતા અને અસામાજિક તત્વોના તાળવે નાચતા આવા પોલીસકર્મીઓ સામે માત્ર નિલંબન કે ધરપકડ પૂરતી નથી. SMC અને ગૃહ વિભાગે આ કેસમાં આકરામાં આકરી સજા કરીને એવો દાખલો બેસાડવો પડશે જેથી ભવિષ્યમાં કોઈ પણ રક્ષક, ભક્ષક બનવાની હિંમત ન કરે.

## સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને નાગરવેલના પાન અને પુષ્પોનો દિવ્ય શણગાર કરી પાનના બીડા ધરાવાયા

બોટાદ, વિપુલ લુહાર

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી શ્રાવણ માસના તા.1-9-2026ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને લીલાછમ નાગરવેલના પાન અને ગુલાબ વિવિધ પુષ્પોથી દિવ્ય શણગાર કરી હનુમાનજી દાદાને વિશેષ રૂપે તૈયાર કરેલા નાગરવેલના પાનના બીડા (મુખવાસ) અર્પણ કરવામાં આવ્યા હતા સમગ્ર સિંહાસનને અનેક નાગરવેલના પાનથી આચ્છાદિત કરવામાં આવ્યું હતું. દાદાના મસ્તક પર 'રામ' નામાંકિત વિશેષ કમાન અને પત્ર-મુકુટ ધારણ કરાવાયો હતો. આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી પૂજારી સ્વામીજી દ્વારા તથા સવારે 7:00 કલાકે કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામી(અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનેરા દર્શનનો લાભ મોટી સંખ્યામાં ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ છે.

### વડોદરા ફાયર વિભાગમાં 'સત્તાનો ખુલ્લો દુરુપયોગ'!

## પરિવાર માટે સરકારી ગાડીઓ ફેરવવાની પરવાનગી કોણે આપી? સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદ સામે ગંભીર સવાલો!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના મહાનગરપાલિકા (VMC) સંચાલિત ફાયર વિભાગમાં અંદરખાને મોટો ખેલ ચાલી રહ્યો હોવાની વિગતો સપાટી પર આવતાં ચકચાર મચી ગઈ છે. અટોળા અને કટોકટીના સમયે પ્રજાના રક્ષણ માટે ફાળવવામાં આવેલા સરકારી સંસાધનો અને વાહનોનો ઉપયોગ અંગત અને પારિવારિક કામો માટે થતો હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. ફાયર વિભાગના સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદ દ્વારા પરિવારના ઉપયોગ માટે સરકારી વાહન વાપરવા અંગે હવે વીએમસી કમિશનરની ભૂમિકા સામે પણ આંગળીઓ ચિંધાઈ રહી છે. જાહેર માહિતી મુજબ, નિકુંજ આઝાદ વડોદરા ફાયર વિભાગમાં સ્ટેશન



ઓફિસર તરીકે ફરજ બજાવે છે. પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે સરકારી તિજોરીના ખર્ચે અને પ્રજાના ટેક્સમાંથી ચાલતા વાહન કે સંસાધનનો ઉપયોગ તેમના પરિવાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

નિયમોનુસાર કોઈ પણ સરકારી વાહનને પારિવારિક કામ માટે વાપરવું એ સત્તાનો સીધો દુરુપયોગ અને કાનૂની ગુનો છે. સવાલ એ છે કે આ વાહન વાપરવા માટે VMC કમિશનર કે ફાયર વિભાગ તરફથી કોઈ સત્તાવાર પરવાનગી આપવામાં આવી હતી ખરી? કે પછી કોઈ પણ લેખિત મંજૂરી વગર જ આ 'બાપુશાહી' ચલાવવામાં આવી રહી છે?

સત્તાવાર દસ્તાવેજ ક્યાં?: નિકુંજ આઝાદ કે તેમના પરિવારને સરકારી વાહન વાપરવા માટે વીએમસી કમિશનરે કઈ કલમ કે નિયમ હેઠળ પરવાનગી આપી? જો પરવાનગી નથી આપી તો આ 'ચોરી ઉપર સીનાજોરી' કેમ?

ફાયર વિભાગને ફાયદો કે નુકસાન?: પ્રજાના રક્ષણ માટે જે વાહન ઈમરજન્સી સેવા માટે સ્ટેન્ડબાય હોવું જોઈએ, તે વાહન જો અધિકારીના પરિવાર માટે વપરાતું હોય તો કટોકટીના સમયે જાનમાલનું જે નુકસાન થાય તેનો જવાબદાર કોણ?

### મજબૂરી નહીં, સ્માર્ટ ફાઇનાન્સિયલ પ્લાનિંગ

## મોંઘી પર્સનલ લોન સામે ગુજરાતીઓની સ્માર્ટ ચોઈસ: ઘરમાં પડેલું સોનું ગીરો મૂકી મેળવી ₹23,381 કરોડની ગોલ્ડ લોન

અમદાવાદ

ગુજરાતમાં નાણાકીય જરૂરિયાતો અને કટોકટીને પહોંચી વળવા માટે નાગરિકોમાં ગોલ્ડ લોન લેવાનો ક્રેઝ અતિ ઝડપથી વધી રહ્યો છે. બેંકોની લાંબી પ્રોસેસ અને મોંઘી તથા જટિલ પર્સનલ લોનની સરખામણીએ ગુજરાતીઓ હવે ઘરમાં પડેલું સોનું ગીરો મૂકીને તરત લોન મેળવવાનું વધુ પસંદ કરી રહ્યા છે. નાણાકીય વર્ષના તાજેતરના બેંકિંગ આંકડા મુજબ, રાજ્યના લોકોએ અત્યાર સુધીમાં રૂ. 23,381 કરોડની કિંમતનું સોનું ગિરવે મૂકીને ગોલ્ડ લોન મેળવી લીધી છે. વેપાર-ધંધામાં વર્કિંગ કેપિટલ વધારવા, ઈમરજન્સી મેડિકલ ખર્ચ પૂરો કરવા કે બાળકોના શિક્ષણ માટે સસ્તા વ્યાજદરે



ત્વરિત રકમ મળી જતી હોવાથી ઉચ્ચ-મધ્યમ વર્ગ અને નાના વેપારીઓ માટે હવે ગોલ્ડ લોન જ પ્રથમ પસંદગી બની ગઈ છે. પર્સનલ લોનની સરખામણીએ ગોલ્ડ લોન પર બેંકો અને એનબીએફસી (NBFC) દ્વારા વ્યાજદર ઘણો સસ્તો રાખવામાં આવે છે. ઓછા ડોક્યુમેન્ટ્સ અને ત્વરિત લોન: સોનું ગિરવે મૂકવાથી બેંકોને સીધી સિક્યોરિટી મળી જાય છે, જેથી કોઈ જટિલ પેપરવર્ક વગર થોડી જ મિનિટોમાં રોકડ રકમ હાથમાં આવી જાય છે. પ્રોસેસિંગ માટે બેંક અન્ય ક્રેડિટ કે સિબિલ સ્કોર પર વધુ ભાર મૂકતી નથી, કારણ કે સોનું પોતે જ ગેરંટીનું કામ કરે છે. નાના વેપારીઓ અને સ્ટાર્ટઅપ્સ પોતાના રોકાણ કે વર્કિંગ કેપિટલ માટે આ સિસ્ટમનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાતીઓની હંમેશાંથી નાણાકીય વ્યવહારમાં કોઠાસૂઝ રહી છે. વ્યાજના દળદળમાં ફસાયા વગર પોતાના જ ઘરેણાંનો યોગ્ય સમયે ઉપયોગ કરીને નાણાકીય મુશ્કેલીઓ ઉકેલવાનો આ ટ્રેન્ડ દર્શાવે છે કે રાજ્યમાં ગોલ્ડ લોન હવે માત્ર મજબૂરી નહીં, પરંતુ એક સ્માર્ટ ફાઈનાન્સિયલ ટૂલ બની ગઈ છે.

### 'પઢેગા ઈન્ડિયા'ના નારા વચ્ચે અમદાવાદમાં પુસ્તક વાંચન પર મિચમિસ

## 'બજરંગદળ પર પ્રતિબંધ લગાવો અને હર્ષ સંઘવી માફી માંગે' – સુબોધ કુમુદનો વિસ્ફોટક પ્રહાર!

જામનગર

એક તરફ સરકાર 'પઢેગા ઈન્ડિયા, તભી તો બઢેગા ઈન્ડિયા' જેવા ઝંઝાવાતી અભિયાનો પાછળ કરોડો રૂપિયાનું પાણી કરી રહી છે, અને બીજી તરફ રાજ્યના પાટનગર સમાન અમદાવાદમાં પુસ્તક વાંચવા જેવી બૌદ્ધિક પ્રવૃત્તિ પર ગુંડાતત્વોનો ત્રાસ વધી રહ્યો છે. શાંતિપ્રિય અમદાવાદ શહેરમાં 'I Am Malala' પુસ્તકના પઠન કાર્યક્રમ દરમિયાન બજરંગદળ અને 'ગુજરાત રીડ્સ' ગ્રૂપ વચ્ચે થયેલા હિંસક ઘર્ષણે હવે રાજકીય અને સામાજિક ગરમાવો લાવી દીધો છે. મળતી વિગતો મુજબ, યુવાનો અને પુસ્તક પ્રેમીઓ શાંતિપૂર્ણ રીતે પુસ્તક વાંચન કરી રહ્યા હતા ત્યારે બજરંગદળના કાર્યકરો દ્વારા આક્ષેપો સાથે વિરોધ નોંધાવીને હંગામો મચાવવામાં આવ્યો હતો. આ મારામારી અને ઘર્ષણમાં માત્ર પુસ્તક પ્રેમીઓ જ નહીં, પરંતુ સ્થળ પર પહોંચેલી પોલીસ વાનના ડ્રાઈવર સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ સમગ્ર મામલે હવે પોલીસ મથકે વિધિવત ફરિયાદ પણ દાખલ થઈ ચૂકી છે. આ કાયરતાપૂર્ણ ઘટનાના વિરોધમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં સામાજિક અગ્રણી સુબોધ કુમુદે તંત્ર અને ગૃહવિભાગના લૂઝ એડમિનિસ્ટ્રેશન સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે: પુસ્તકો અને વિચારસરણી પર હુમલો કરનાર, તથા કાયદો હાથમાં લેતા આવા સંગઠનો પર સરકારે તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવો જોઈએ. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી માફી માંગે: જો રાજ્યમાં નાગરિકો શાંતિથી પુસ્તક પણ ન વાંચી શકતા હોય અને કાયદો-વ્યવસ્થાના ધજાગરા ઉડતા હોય, તો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ નિષ્ફળતાની જવાબદારી સ્વીકારીને જાહેર જનતાની માફી માંગવી જોઈએ. વિચારોથી આટલો ડર કેમ?: વિશ્વભરમાં જાણીતી નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝાઈના જીવન પર આધારિત પુસ્તક 'I Am Malala' વાંચવામાં એવું તે શું અસંસદીય કે દેશવિરોધી હતું કે તેના પર હિંસક હુમલો કરવો પડ્યો?

## તંત્રી લેખ...

# માનવતા હજુ જીવે છે: અમદાવાદના આ 'અજાણ્યા વારસદારો' જેમણે બિનવારસી અને એકલવાયા મૃતકોને આપી સન્માનજનક વિદાય


AI Image

જેનું આ દુનિયામાં કોઈ નથી અથવા તો વિપરીત પરિસ્થિતિઓમાં જેઓ એકલવાયું આયુષ્ય પૂરું કરીને આ ફાની દુનિયામાંથી વિદાય લે છે, તેમના માટે અમદાવાદના કેટલાક ઉમદા દિલના નાગરિકો 'પોતાના સ્વજન' બનીને આંગણે ઊભા રહે છે. આજનો માણસ જ્યારે દોડધામ અને સ્વાર્થની દુનિયામાં વ્યસ્ત છે, ત્યારે અમદાવાદના આ અનામી સેવકો મૃત્યુ પછી પણ માનવ ગરિમા, ધાર્મિક આસ્થા અને સન્માન જાળવવાનું અત્યંત ભગીરથ કાર્ય કરી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' આજે તેના વાચકો સમક્ષ સમાજના એવા જ કેટલાક સાચા અને નિઃસ્વાર્થ નાયકોની પ્રેરણાદાયી કથા રજૂ કરી રહ્યું છે.




રોહિત પટેલ અને તેમની ટીમ: ૬૧થી વધુ નિરાધાર આત્માઓના બન્યા તારણહાર

શહેરમાં રહેતા રોહિત પટેલ નામના સેવાભાવી નાગરિકે તાજેતરમાં જ મુંબઈથી અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં શિફ્ટ થયેલા એક પરિવારને મુશ્કેલ સમયમાં મદદનો હાથ લંબાવ્યો હતો. આ શહેરમાં તે પરિવારનું કોઈ બેલી, મિત્ર કે સગા-સંબંધી ન હોવાથી, તેમના સ્વજનનું અવસાન થતાં જ તેઓ ભારે મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. આવી કપરી સ્થિતિમાં રોહિત પટેલે આગળ આવીને તમામ ધાર્મિક વિધિ સાથે અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરી આપી હતી.

રોહિત પટેલ અત્યાર સુધીમાં આવા ૬૧ જેટલા એકલવાયા અને બિનવારસી મૃતકોના સન્માનપૂર્વક અંતિમ સંસ્કાર કરી ચૂક્યા છે. શરૂઆતમાં એકલા હાથે શરૂ કરેલી આ સફર આજે વટવૃક્ષ બની ચૂકી છે. તેમની સાથે હવે સ્વયંસેવકોનું મોટું ગ્રુપ જોડાયેલું છે, અને આ નિઃસ્વાર્થ કાર્ય માટે તેમની પાસે એક સમર્પિત શબવાહિની તથા ડ્રાઈવરની કાયમી સુવિધા પણ ઉપલબ્ધ છે.

### દક્ષિણી મર્ચન્ટ્સ એસોસિયેશન: 100થી વધુ લોકોને આપી સન્માનજનક વિદાય

માત્ર વ્યક્તિગત ધોરણે જ નહીં, પરંતુ શહેરી મંડળો અને વેપારી સંગઠનો પણ આ પવિત્ર યજ્ઞમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. મણિનગર સ્થિત દક્ષિણી મર્ચન્ટ્સ એસોસિએશન છેલ્લા ઘણા સમયથી આ ઉમદા કાર્ય કરી રહ્યું છે. એસોસિએશનના એસોસિએટ પ્રેસિડેન્ટ જગદીશ ઠક્કરના જણાવ્યા અનુસાર, તેમની સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ એવા લોકોની અંતિમવિધિ કરવામાં આવી છે, જેમના પરિવારજનો પાસે સ્થાનિક સ્તરે કોઈ સપોર્ટ નહોતો અથવા જેઓ સંપૂર્ણપણે અનાથ અને નિરાધાર હતા.

આ ઉપરાંત, 'વિસામો વૃદ્ધાશ્રમ'ના ફાઉન્ડર-ટ્રસ્ટી નિરજ વ્યાસ તેમજ વેજલપુર સ્થિત એક કંપની સાથે જોડાયેલા પ્રિયાંશ ત્રિવેદી પણ પોતાની સામાજિક જવાબદારી સમજીને આવા અનાથ અને એકલવાયા મૃતકોને સન્માનપૂર્વક વિદાય આપવાનું આ પવિત્ર કાર્ય નિરંતર ચલાવી રહ્યા છે.

### સમાજ માટે એક પ્રેરણાદાયી અને ચિંતનશીલ સંદેશ

જીવતેજીવ તો માણસને સહાનુભૂતિ અને સહારાની જરૂર હોય જ છે, પરંતુ મૃત્યુ પછી પણ તેના દેહને પંચભૂતમાં વિલીન થવા માટે સન્માનપૂર્વક અગ્નિદાહ મળે તે માનવતાનો સૌથી મોટો અને પરમ ધર્મ છે. અમદાવાદના આ સેવાભાવી રત્નો સાબિત કરે છે કે ભૌતિકવાદના આ યુગમાં પણ લાગણીઓ, સંવેદનાઓ અને માનવતા હજુ મરી પરવારી નથી.

તેમનું આ નિઃસ્વાર્થ કાર્ય સમગ્ર સમાજ માટે એક દિશાસૂચક સંદેશ છે કે સંપત્તિ, હોદ્દો કે ઓળખાણ નહીં, પરંતુ મુશ્કેલીના સમયે કોઈના આંસુ લૂછવા અને અનાથનો નાથ બનીને ઊભા રહેવું એ જ સાચી માનવસેવા છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ધનિકોની લોન માફી અને NCLT નો ખેલ: બેંકિંગ સિસ્ટમ પર ઊભા થતા ગંભીર સવાલો!

આરટીઆઈ (RTI) કાર્યકર્તા વિવેક વેલંકર દ્વારા માંગવામાં આવેલી માહિતીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા મોટો ખુલાસો થયો છે. સામાન્ય નાગરિક કે નાના ખેડૂત માટે હોમ લોન કે એજ્યુકેશન લોનના હપ્તા ભરવામાં થોડો વિલંબ થાય તો બેંકો રિકવરી માટે નોટિસો મોકલી દે છે, પરંતુ દેશના મોટા ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ ડિફોલ્ટરો માટે તંત્રના નિયમો અલગ હોય તેમ લાગી રહ્યું છે.

NCLT માં રૂ. ૧ લાખ કરોડથી વધુનો 'હેરકટ': આંકડાઓનો મોટો ખુલાસો

આરટીઆઈ દ્વારા સામે આવેલા આંકડા દેશની સૌથી મોટી બેંકિંગ વ્યવસ્થા સામે સવાલો ઊભા કરે છે:

૩૦૯ મોટા ખાતાઓનું સમાધાન: છેલ્લા નવ વર્ષમાં (નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૫-૨૬) SBI એ NCLT અને અન્ય મંચો દ્વારા ૩૦૯ જેટલા મોટા લોન ખાતાઓનું સમાધાન કર્યું હતું.

૧.૫૦ લાખ કરોડના દેવા સામે પૃથ્થકરણ: આ ખાતાઓ પર બેંકનો આશરે ૧.૫૦ લાખ કરોડ રૂપિયાથી વધુનો દાવો હતો, જેની સામે બેંક ફક્ત ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની આસપાસ જ વસૂલ કરી શકી.

૧ લાખ કરોડથી વધુની માંડવાળ (Haircut): NCLT માં સમાધાનના નામે બેંકે ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમનો હેરકટ (જતો કરવો) લેવો પડ્યો.

૧૦૦ કરોડથી વધુના ડિફોલ્ટરોની રાઈટ-ઓફ પાછળ માત્ર ૧૪% રિકવરી!

અન્ય એક ચોંકાવનારી વિગત મુજબ, ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની લોન ધરાવતા મોટા બોરોઅર્સના કેસમાં:

છેલ્લાં દસ વર્ષોમાં SBI એ આશરે ૧.૫૧ લાખ કરોડ રૂપિયાથી વધુની રકમ ટેકનિકલ કે પ્રોડિન્શિયલ રીતે 'રાઈટ-ઓફ' (માંડવાળ) કરી હતી.

આટલી મોટી રકમ રાઈટ-ઓફ કર્યા બાદ પણ બેંક તેની સામે માત્ર આશરે ૨૦,૮૩૮ કરોડ રૂપિયા (લગભગ ૧૪%) જ વસૂલ કરી શકી છે.

ડિફોલ્ટરોના નામો પર 'ગોપનીયતા'નો પડદો!

સૌથી મોટો વિવાદ ત્યારે ઊભો થયો જ્યારે આરટીઆઈ હેઠળ આ ૧૦૦ કરોડથી વધુની લોન ડૂબાડનાર વ્યક્તિઓ અને કંપનીઓના નામ માંગવામાં આવ્યા. બેંકે આરટીઆઈ એક્ટની કલમ ૮(૧)(ડી), ૮(૧)(ઈ) અને ૮(૧)(જે) નો હવાલો આપીને કોમર્શિયલ સિક્રસી અને વ્યાપારી ગોપનીયતાના નામે ડિફોલ્ટરોના નામ જાહેર કરવાનો સાફ ઈનકાર કરી દીધો.

નાના લોનધારકના નામ અને ફોટા છાપામાં છાપતી બેંકો મોટા ડિફોલ્ટરોના નામ છુપાવવા પાછળ કેમ ગોપનીયતાનો ઢાલ બનાવે છે, તે એક મોટો સવાલ છે.

શું આ નીતિ કૌભાંડ સમાન છે? પ્રજાના ટેક્સના નાણાંનું શું?

જ્યારે અમીરોની હજારો કરોડની લોન NCLT અને રાઈટ-ઓફના નામે માંડવાળ કરી દેવાય છે, ત્યારે જનતાના મનમાં સવાલો ઊઠે તે સ્વાભાવિક છે:

જવાબદારી કોની?: બેંકના જે બોર્ડ અને અધિકારીઓએ યોગ્ય જામીનગીરી વગર આટલી મોટી લોન આપી હતી, તેમની સામે કોઈ કાયદાકીય કડક કાર્યવાહી થઈ છે કે કેમ?

જાહેર નાણાંનો દુરુપયોગ: જાહેર ક્ષેત્રની બેંકોમાં જમા થયેલા નાણાં સામાન્ય જનતાની બચત છે. જો આટલી મોટી રકમના હેરકટ મંજૂર કરવામાં આવતા હોય તો તેની જવાબદારી નક્કી થવી જોઈએ.

પારદર્શિતાનો અભાવ: ડિફોલ્ટરોના નામ જાહેર ન કરીને બેંકિંગ સિસ્ટમ કોને બચાવી રહી છે?

આ સિસ્ટમ સામે હવે દેશવ્યાપી પારદર્શિતા અને જવાબદારી નક્કી કરવાની માગ બુલંદ બની રહી છે.

# ઝી ગ્રૂપના સ્થાપક સુભાષ ચંદ્રાને NCLTની 5 સભ્યોની વિશેષ બેન્ચ તરફથી મોટો આંચકો

ઝી ગ્રૂપના સ્થાપક અને પૂર્વ રાજ્યસભા સાંસદ સુભાષ ચંદ્રા સામે ચાલી રહેલા પર્સનલ ઈન્સોલ્વન્સી (અધિકૃત નાદારી) કેસમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ની ૫ સભ્યોની વિશેષ બેન્ચે અત્યંત મહત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે. NCLTની વિશેષ બેન્ચે અગાઉની નાની બેન્ચ દ્વારા ૨૫ ઓગસ્ટના રોજ આપવામાં આવેલા ચુકાદાના અમલ પર તાત્કાલિક અસરથી સ્ટે મૂકી દીધો છે. સંપત્તિ વેચવા કે ટ્રાન્સફર કરવા પર મનાઈહુકમ: સુભાષ ચંદ્રાની મુશ્કેલીઓ વધી અગાઉના ચુકાદા પર સ્ટે મૂકવાની સાથે જ NCLTની વિશેષ બેન્ચે સુભાષ ચંદ્રા પર કડક સિકંજો કસ્યો છે. ટ્રિબ્યુનલે સુભાષ ચંદ્રા પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાની કોઈપણ પ્રકારની ચલ કે અચલ સંપત્તિ, શેર કે મિલકત વેચવા અથવા તેને અન્ય કોઈ વ્યક્તિ/સંસ્થાના નામે ટ્રાન્સફર કરવા પર કડક મનાઈહુકમ (Restraint Order) ફરમાવ્યો છે. આ આદેશને કારણે ઝી ગ્રૂપ અને સુભાષ ચંદ્રા માટે નાણાકીય સ્તરે મોટી કાનૂની આફત ઊભી થઈ છે.

અગાઉના ચુકાદામાં બહુમતીનો અભાવ: હવે નવેસરથી થશે સુનાવણી NCLTના પ્રેસિડેન્ટ જસ્ટિસ (રિટાયર્ડ) અનુપિન્દર સિંહ ગ્રેવાલના વડપણ હેઠળની ૫ સભ્યોની વિશેષ મોટી બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે ૨૫ ઓગસ્ટના રોજ આપવામાં આવેલા અગાઉના આદેશમાં ટ્રિબ્યુનલના સભ્યો વચ્ચે કોઈ સ્પષ્ટ બહુમતી (View) મળતી નહોતી. નિયમોનુસાર બહુમતી વગરનો નિર્ણય કાયદાકીય રીતે માન્ય ન રહી શકે તે કારણોસર આ સમગ્ર કેસની હવે નવેસરથી વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવશે. ધિરાણકર્તાઓ અને બેંકોને સત્તાવાર નોટિસ પાઠવવામાં આવી વિશેષ બેન્ચે આ કેસ સાથે સંકળાયેલા તમામ ધિરાણકર્તાઓ (Lenders), નાણાકીય સંસ્થાઓ, બેંકો અને સંબંધિત પક્ષકારોને સત્તાવાર નોટિસ પાઠવી દીધી છે. NCLTએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જ્યાં સુધી આ મોટી બેન્ચ દ્વારા કોઈ અંતિમ નિર્ણય લેવામાં ન આવે, ત્યાં સુધી ૨૫ ઓગસ્ટના આદેશનો અમલ કોઈપણ સંજોગોમાં કરી શકાશે નહીં.

# દિલ્હીમાં 47 લાખ મતદારોના નામ ગાયબ: 'ગરીબોના વોટ પર મોટો ડાકો', આપ નેતા સૌરભ ભારદ્વાજનો ગંભીર આરોપ!

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. દિલ્હીની મતદાર યાદીમાંથી અચાનક ૪૭ લાખ જેટલા મતદારોના નામ કાપી નાખવામાં આવતા આમ આદમી પાર્ટી (AAP) એ તંત્ર અને વિપક્ષી રાષ્ટ્રીય પક્ષો સામે મોરચો ખોલી દીધો છે. આપના વરિષ્ઠ નેતા સૌરભ ભારદ્વાજે પત્રકાર પરિષદ યોજીને ગંભીર આરોપ લગાવ્યા છે કે આ કોઈ સામાન્ય સુધારો નથી, પરંતુ કાવતરાના ભાગરૂપે ગરીબ અને શ્રમિક વર્ગના લોકોના વોટ કાપી નાખવાનો ખેલ છે.

'ગરીબ લોકોને વીણી-વીણીને નિશાન બનાવાયા': સૌરભ ભારદ્વાજ

આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે:

ગરીબ વિસ્તારો પર સર્જિકલ સ્ટ્રાઈક: જે વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીઓ, કચ્છી બસ્તીઓ અને શ્રમિક વર્ગના લોકો રહે છે, ત્યાંથી મોટા પાયે નામો કમી કરી દેવાયા છે.

બળજબરીથી વોટ કાપવાનો ખેલ: લોકશાહીમાં દરેક નાગરિકને વોટ આપવાનો અધિકાર છે, પરંતુ જબરદસ્તી ચુનંદા ગરીબ લોકોને વીણી-વીણીને મતદાર યાદીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યા છે.

ચૂંટણી જીતવા માટેનું કાવતરું: લોકપ્રિય નીતિઓ અને ગરીબલક્ષી યોજનાઓનો સપોર્ટ કરતા મતદારોના અધિકાર છીનવીને લોકશાહીની હત્યા કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

૪૭ લાખ મતદારોના ભવિષ્ય સામે સવાલ

દિલ્હી જેવા વિશાળ મહાનગરમાંથી ૪૭ લાખ જેટલો મોટો આંકડો મતદાર યાદીમાંથી ગાયબ થઈ જવો એ ચૂંટણી પંચની કામગીરી સામે પણ મોટા સવાલો ઊભા કરે છે:

આટલી મોટી સંખ્યામાં નામ કમી કરતા પહેલા શું યોગ્ય ચકાસણી કરવામાં આવી હતી?

નોટિસ આપ્યા વગર કે સ્થાનિક રજૂઆત વગર કયા આધાર પર નામ કાપવામાં આવ્યા?

શું આ વહીવટી તંત્રની બેદરકારી છે કે રાજકીય ઈશારે કરાયેલું મોટું ષડયંત્ર?

આમ આદમી પાર્ટીની આક્રમક લડાઈની ચીમકી

સૌરભ ભારદ્વાજે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આમ આદમી પાર્ટી આ અન્યાય સામે ચૂપ બેસશે નહીં. દરેક અસરગ્રસ્ત વિસ્તારમાં જઈને જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, કાનૂની લડાઈ લડવામાં આવશે અને ચૂંટણી પંચ સમક્ષ આ વિસંગતતા તાત્કાલિક સુધારવાની ઉગ્ર માગ કરવામાં આવશે. જો યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો સમગ્ર દિલ્હીમાં આ મુદ્દે રસ્તા પર ઊતરીને જનઆંદોલન કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# વૈશ્વિક કટોકટી વચ્ચે ભારતનો ડંકો: પીએમ મોદીની દેશવાસીઓને સોનાની ખરીદી ટાળવા અપીલ!

વૈશ્વિક સ્તરે આર્થિક અસ્થિરતા અને યુદ્ધ જેવા સંકટો વચ્ચે ભારતીય અર્થતંત્રે મજબૂત પ્રદર્શન કરીને વિશ્વને ચોંકાવી દીધું છે. ભારતનો જીડીપી ગ્રોથ રેટ ૭.૮ ટકા નોંધાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક વિશેષ વીડિયો



પોસ્ટ કરીને દેશવાસીઓની મહેનતને બિરદાવી છે. આ સાથે જ દેશના અર્થતંત્રને વધુ મજબૂત કરવા અને બિનજરૂરી આયાત ઘટાડવાના હેતુથી વડાપ્રધાને એક મહત્વની અપીલ પણ કરી છે.

૭.૮% આર્થિક વૃદ્ધિ: ૧૪૦ કરોડ ભારતીયોના પરિશ્રમનું પરિણામ

વડાપ્રધાને પોતાના સંદેશામાં ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે વિશ્વના મોટા દેશો આર્થિક મંદી અને મોંઘવારી સામે ઝઝૂમી રહ્યા છે, ત્યારે ભારતે ૭.૮ ટકાનો આર્થિક વિકાસ દર હાસિલ કર્યો છે.

દેશવાસીઓના પરિશ્રમની જીત: આ સફળતા કોઈ સરકારી આંકડો નથી, પરંતુ દેશના ખેડૂતો, મજૂરો, યુવાનો, નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોના અથાક પરિશ્રમનું પરિણામ છે.

આત્મનિર્ભર ભારતનો પાયો: ભારતીય અર્થતંત્રની આ મજબૂતી દર્શાવે છે કે દેશ સાચા અર્થમાં આત્મનિર્ભરતાના માર્ગે આગળ વધી રહ્યો છે.

'જરૂર ન હોય તો સોનાની ખરીદી ટાળો': પીએમ મોદીની અપીલ

અર્થતંત્રને વધુ સ્થિર રાખવા માટે વડાપ્રધાને દેશવાસીઓને એક ખાસ વિનંતી કરી છે:

સોનાની આયાત પર રોક: ભારતમાં સોનાની મોટા પાયે આયાત કરવી પડે છે, જેના કારણે વિદેશી હૂંડિયામણ (Foreign Exchange) બહાર જાય છે.

સમજદારીપૂર્વક ખરીદી: પીએમ મોદીએ દેશવાસીઓને આગ્રહ કર્યો છે કે જો અત્યંત જરૂરિયાત ન હોય તો સોનામાં ખોટો ખર્ચ કે ખરીદી કરવાનું ટાળવું જોઈએ, જેથી દેશના નાણાકીય સંસાધનોનો ઉપયોગ દેશના વિકાસકાર્યોમાં થઈ શકે.

વૈશ્વિક મંચ પર ભારતની મજબૂત સ્થિતિ

વડાપ્રધાનના આ સંદેશથી સ્પષ્ટ થાય છે કે સરકાર આગામી સમયમાં પણ આર્થિક નીતિઓને વધુ આક્રમક અને ઉત્પાદક બનાવવાની દિશામાં કામ કરી રહી છે. દેશવાસીઓને બિનજરૂરી ખર્ચ ટાળીને સ્થાનિક ઉત્પાદનો અને આત્મનિર્ભરતા તરફ આગળ વધવા આહ્વાન કરવામાં આવ્યું છે.

# 'you will be Killed', ચિરાગ પાસવાનને મારી નાખવાની ધમકી: ઈંગ્લિશમાં પત્ર મોકલ્યો

કેન્દ્રીય મંત્રી અને LJP (R)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી પોસ્ટથી મોકલી છે. માહિતી અનુસાર, પત્ર અંગ્રેજીમાં લખાયેલો છે- "You will be killed shortly by hardcore Terrorists". જેનો અર્થ છે, "કટ્ટરવાદી આતંકવાદીઓ તમારી જલ્દી જ હત્યા કરી દેશે." ધમકીભર્યો પત્ર મળ્યા બાદ ચિરાગ પાસવાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સાથે જ પાર્ટી કાર્યાલયે તેની જાણ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કરી છે. કાર્યાલય દ્વારા કેન્દ્રીય ગૃહ સચિવને લખવામાં આવેલા પત્રમાં સમગ્ર મામલાની જાણકારી આપવામાં આવી છે. સાથે જ આવશ્યક સુરક્ષા અને કાર્યવાહીની માગ કરી છે. સૂત્રો અનુસાર, ધમકીભર્યો પત્ર મોકલનારની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તપાસ એજન્સીઓ એ પણ શોધી રહી છે કે પત્ર ક્યાંથી મોકલ્યો અને તેને મોકલવા પાછળ કોનો હાથ છે. હાલમાં ધમકી આપનારની ઓળખ અને તેની પાછળનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. મામલાની ગંભીરતાને જોતા સંબંધિત એજન્સીઓ પત્રના સ્ત્રોત સહિત તમામ પાસાઓની તપાસ કરી રહી છે. Z સુરક્ષામાં ચાલે છે ચિરાગ પાસવાન ચિરાગ પાસવાનને હાલમાં Z કેટેગરીની સુરક્ષા મળી છે. તેમને આ સુરક્ષા ઓક્ટોબર 2024માં આપવામાં આવી હતી. આ સુરક્ષા વ્યવસ્થા હેઠળ SSB કમાન્ડોની જગ્યાએ CRPFના જવાનો તેમની સુરક્ષામાં તૈનાત છે. Z સિક્યોરિટી હેઠળ ચિરાગ પાસવાનની સુરક્ષામાં કુલ 33 જવાનો તૈનાત છે. તેમાંથી 10 આર્મ્ડ સ્ટેટિક ગાર્ડ તેમના નિવાસસ્થાને રહે છે. આ ઉપરાંત 6 PSO 24 કલાક તેમની સાથે રહે છે. ત્રણ શિફ્ટમાં આર્મ્ડ એસ્કોર્ટના 12 કમાન્ડો તૈનાત રહે છે. જ્યારે, વોચર્સ શિફ્ટમાં 2 કમાન્ડો અને ચોવીસ કલાક 3 પ્રશિક્ષિત ડ્રાઈવરો પણ સુરક્ષા વ્યવસ્થામાં સામેલ છે. જુલાઈ 2025માં પણ તેમને ધમકી મળી હતી જુલાઈ 2025માં ચિરાગ પાસવાનને સોશિયલ મીડિયા દ્વારા જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ત્યારબાદ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના પ્રવક્તાએ પટના સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે મામલાની તપાસ શરૂ કરી હતી. આરક્ષણના મુદ્દાને લઈને ચર્ચામાં છે ચિરાગ કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન આરક્ષણના મુદ્દાને લઈને ચર્ચામાં છે. તેમણે ઉપ વર્ગીકરણ એટલે કે કોટાની અંદર કોટા અને ક્રીમી લેયરને લઈને જીતન રામ માંઝી પર નિશાન સાધ્યું હતું અને તેમની પાસેથી રાજીનામાની માગ કરી હતી.

# મમતા બેનર્જીની ભત્રીજી ફાંસો ખાધેલી મળી

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજી બ્રિષ્ટિ મુખર્જી મંગળવારે બીરભૂમ જિલ્લાના કુસુંબા ગામના ઘરમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી. બ્રિષ્ટિ, મમતાના પિતરાઈ ભાઈ અને તૃણમૂલ નેતા નિહાર મુખર્જીની પુત્રી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ એવું માનવામાં આવે છે કે તેણે આત્મહત્યા કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્રિષ્ટિ બોલપુર ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતી. શિક્ષક ભરતી કૌભાંડ સામે આવ્યા બાદ 2024માં તેની નોકરી જતી રહી હતી. ત્યારથી તે ડિપ્રેશનમાં હતી. 2024માં હાઈકોર્ટે 25,753 નોકરીઓ રદ કરી હતી કલકત્તા હાઈકોર્ટે 22 એપ્રિલ, 2024ના રોજ ગેરકાયદેસર રીતે મેળવેલી તમામ 25,753 નોકરીઓ રદ કરી હતી. સાથે જ કોર્ટે આદેશ આપ્યો હતો કે જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે, તેમને વ્યાજ સહિત પગાર પરત કરવો પડશે. ભરતી કૌભાંડ: 5થી 15 લાખ રૂપિયા સુધીની લાંચ લેવાનો આરોપ પશ્ચિમ બંગાળ સરકારે 2016માં સ્ટેટ લેવલ સિલેક્શન ટેસ્ટ-2016 (SLCT) દ્વારા સરકારી અને સહાયતા પ્રાપ્ત શાળાઓ માટે ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફની ભરતી કરી હતી. ત્યારે 24,640 ખાલી જગ્યાઓ માટે 23 લાખથી વધુ લોકોએ ભરતી પરીક્ષા આપી હતી.

# ઓગસ્ટમાં GST કલેક્શન 14.8% વધીને ₹2 લાખ કરોડ પહોંચ્યું

દેશનું GST કલેક્શન ઓગસ્ટ 2026માં વાર્ષિક ધોરણે 14.8% વધીને 2 લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે એટલે કે ઓગસ્ટ 2025માં કુલ GST કલેક્શન 1.74 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું. આજે મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ આ આંકડા જાહેર કરવામાં આવ્યા. વધારાનું સૌથી મોટું કારણ વિદેશથી આવતા સામાન પર મળતો ટેક્સ રહ્યો, જે 29% વધીને 62,604 કરોડ પર પહોંચી ગયો. જ્યારે, દેશની અંદર થતી ખરીદી અને વેપારમાંથી મળતો GST પણ 9.3% વધીને 1.37 લાખ કરોડ થઈ ગયો. જોકે, માસિક ધોરણે ઓગસ્ટનો આંકડો જુલાઈ 2026ના 2.11 લાખ કરોડની સરખામણીમાં લગભગ 11,147 કરોડ ઓછો રહ્યો છે. જીએસટી કલેક્શન એ દર્શાવે છે કે દેશની અર્થવ્યવસ્થા




કેટલી સ્વસ્થ છે. જ્યારે જીએસટી વધે છે, ત્યારે તેનો અર્થ એ થાય છે કે લોકો બજારોમાં ખુલીને ખરીદી કરી રહ્યા છે. ફેક્ટરીઓમાં સામાન ઝડપથી બની રહ્યો છે. વેપારીઓ પણ ઈમાનદારીથી ટેક્સ ચૂકવી રહ્યા છે. 2017માં GST લાગુ કરવામાં આવ્યો હતો સરકારે 1 જુલાઈ 2017ના રોજ દેશભરમાં GST લાગુ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્ર અને રાજ્ય સરકારોના 17 કર અને 13 ઉપકર દૂર કરવામાં આવ્યા હતા. GSTના ચાર ભાગ CGST: કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવે છે. SGST: રાજ્ય સરકારો દ્વારા વસૂલવામાં આવે છે. IGST: જ્યારે સામાન એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વેચવામાં આવે છે અથવા વિદેશથી મંગાવવામાં આવે છે, ત્યારે તેના પર IGST લાગે છે. તેને કેન્દ્ર સરકાર વસૂલે છે અને પછી તેનો અડધો ભાગ સામાનનો ઉપયોગ કરનાર રાજ્યને આપી દે છે. ઉપકર: આ સામાન્ય ટેક્સ ઉપરાંત લાગતો એક વધારાનો ટેક્સ છે, જે ફક્ત મોંઘી અથવા હાનિકારક વસ્તુઓ જેવી કે લક્ઝરી ગાડીઓ, તમાકુ, સિગારેટ પર લગાવવામાં આવે છે. તેનાથી મળતા પૈસાનો ઉપયોગ શિક્ષણ, સ્વાસ્થ્ય અથવા કોઈ ખાસ ફંડ માટે જ કરવામાં આવે છે.



પાક્કો ગુજરાત
બુધવાર । 02 સપ્ટેમ્બર 2026 । અમદાવાદ

### 1156 એગ્રી બિઝનેસ સેન્ટર્સ મારફતે ખેડૂતો સુધી એગ્રો ઇનપુટ, GI ટેગથી બનાના ફાઇબર સુધી નવા પ્રોજેક્ટ

# એગ્રો ઇન્ડસ્ટ્રીઝે સરકારને 15.37 કરોડનું ડિવિડન્ડ આપ્યું

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

સાહસ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડે રાજ્ય સરકારને બે વર્ષના ડિવિડન્ડ પેટે કુલ 15.37 કરોડનો ચેક અર્પણ કર્યો છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને 2023-24ના 11.14 કરોડ અને 2024-25ના 4.23 કરોડ, એમ કુલ 15.37 કરોડના ડિવિડન્ડના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારા અને કૃષિ ખેડૂત કલ્યાણ વિભાગના અગ્રસચિવ આર.સી. મીણાએ મુખ્યમંત્રીને આ ચેક અર્પણ કર્યા હતા.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન રાજ્યમાં આશરે 1156 એગ્રી બિઝનેસ સેન્ટર્સના માધ્યમથી ખેડૂતોને ફર્ટિલાઈઝર, નોન-ફર્ટિલાઈઝર અને વિવિધ એગ્રો ઈનપુટ્સનું વેચાણ કરે છે. ખેડૂતોને ગુણવત્તાયુક્ત કૃષિ સામગ્રી સરળતાથી મળી રહે તે માટે નિગમ દ્વારા રાજ્યભરમાં આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની સ્થાપના 1969માં ઉચ્ચ ગુણવત્તાવાળા ખાતરના સીધા વિતરણ, કૃષિ મશીનરી અને ટૂલ્સનું ઉત્પાદન-વહેંચાણ, એગ્રો પ્રોડક્ટ્સના પ્રોસેસિંગ ઉદ્યોગોની સ્થાપના તેમજ કૃષિ ક્ષેત્ર માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાના ઉદેશ સાથે કરવામાં આવી હતી.

નિગમ દ્વારા બાવળા, અમદાવાદ એરપોર્ટ, ઝઘડિયા, નરોડા અને મહુવા સહિતના સ્થળોએ વિવિધ કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ સ્થાપવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદના ત્રાગડ ખાતે એગ્રી બિઝનેસ એન્ડ ઈનોવેશન હબના નિર્માણની કામગીરી પણ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભવિષ્યલક્ષી અનેક પ્રોજેક્ટ્સ પર પણ કામગીરી ચાલી રહી છે. GI ટેગ, મિલેટ વેલ્યુ એડિશન યુનિટ, બનાના ફાઈબર એક્સટ્રેક્શન અને પાવડર પ્રોસેસિંગ યુનિટની સ્થાપના માટે ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ્સથી કૃષિ પેદાશોમાં મૂલ્યવર્ધન તથા ખેડૂતો માટે નવી તકો ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ડિવિડન્ડ ચેક અર્પણ પ્રસંગે મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમ.ડી. વિજય ખરાડી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ન્યૂઝ અહેવાલની ધારદાર અસર

## છોટાઉદેપુર સિવિલમાં અહેવાલ બાદ તંત્ર સફાળું જાગ્યું, એક જ ચેમ્બરમાં ત્રણ ડોક્ટરો હાજર!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા



છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં લાંબા સમયથી ચાલતી ડોક્ટરોની અનિયમિતતા અને સારવાર માટે કલાકો સુધી વલખાં મારતા ગરીબ દર્દીઓની હાલાકી અંગે મીડિયા અહેવાલ પ્રસિદ્ધ થતાં જ આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું છે. અહેવાલના તુરંત બાદ હોસ્પિટલની સ્થિતિમાં અણધાર્યો સુધારો જોવા મળ્યો હતો અને એક જ ચેમ્બરમાં એકસાથે ત્રણ-ત્રણ તબીબો સ્ટાફ સાથે હાજર રહી દર્દીઓની તપાસ કરતા નજરે પડ્યા હતા. જે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને સામાન્ય તપાસ માટે પણ કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવું પડતું હતું, ત્યાં મીડિયાના કેમેરા અને અહેવાલની અસરથી તંત્ર તાબડતોબ એક્શન મોડમાં આવી ગયું છે. જોકે આ સુધારા સાથે જ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કેમેરા સામે જ કેમ સક્રિયતા? જો મીડિયાના અહેવાલ બાદ ડોક્ટરો હાજર થઈ શકતા હોય, તો દર્દીઓની અગાઉની ફરિયાદો વખતે તંત્ર કેમ ઊંઘતું રહ્યું?

કાયમી વ્યવસ્થા કે માત્ર દેખાડો? આ સુધારો માત્ર અહેવાલના દિવસ પૂરતો સીમિત રહેશે કે પછી રોજિંદી વ્યવસ્થા બનશે? અંતરિયાળ દર્દીઓનું શું? દૂર-દૂરના ગામ ડાઓમાંથી ભાડાં ખર્ચીને આવતા ગરીબ દર્દીઓને કાયમી ધોરણે સમયસર સારવારની ખાતરી કોણ આપશે? સરકારી હોસ્પિટલો પ્રજાના ટેક્સના પૈસાથી ચાલે છે. દર્દીઓને યોગ્ય અને સમયસર સારવાર આપવી એ તંત્રની પ્રાથમિક ફરજ છે, કોઈ ઉપકાર નહીં. જો એક અહેવાલથી રાતોરાત વ્યવસ્થા બદલાઈ શકતી હોય, તો સિસ્ટમમાં પહેલેથી આવી કડક દેખરેખ કેમ નહોતી? પાક્કો ગુજરાતનો સીધો સવાલ: માત્ર સમાચારો પ્રસિદ્ધ થાય ત્યારે જ સુધરતી સિસ્ટમ સામે ઉચ્ચ અધિકારીઓ કોઈ કાયમી અને કડક પગલાં ભરશે ખરા?

## 580 ગ્રામની બાળકી 2 કિલોની થઈ, મોત સામે જિંદગીની જંગ જીતી!

ભરૂચ

ભરૂચના ચાવજ ગામની રવિનાબેન મોરેએ સેવાશ્રમ હોસ્પિટલમાં જન્મ આપેલી બાળકીનું વજન માત્ર 580 ગ્રામ હતું. અત્યંત ઓછા વજનના કારણે તેની સ્થિતિ ગંભીર હોવાથી વધુ સારવાર માટે અંકલેશ્વરની મમતા ચિલ્ડ્રન હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ડૉ. સતીશ ગુપ્તા અને ડૉ. નીરજ ગુપ્તાની ટીમે આયુષ્માન કાર્ડ હેઠળ બાળકીની સઘન સારવાર કરી. ICU અને વેન્ટિલેટરની મદદ સાથે લગભગ બે મહિના સુધી ચાલેલી સારવાર બાદ બાળકીનું વજન વધીને આશરે 2 કિલો થયું અને તેની તબિયતમાં નોંધપાત્ર સુધારો આવ્યો. જન્મ સમયે 1 કિલોથી ઓછું વજન ધરાવતા બાળકને ELBW (Extremely Low Birth Weight) કહેવામાં આવે છે. આવા બાળકોમાં શ્વાસ, ઈન્ફેક્શન, દૂધ પીવામાં મુશ્કેલી સહિત અનેક જટિલતાઓનું જોખમ રહે છે. બે મહિના બાદ સ્વસ્થ થયેલી બાળકી માતા-પિતાની ગોદમાં પરત ફરતાં પરિવારમાં ખુશીની લહેર સાથે હર્ષનાં આંસુ છલકાયા.



### કોન્ટ્રાક્ટરની ભૂમિકા અંગે તપાસની માંગ

## દાંતા-હડાદ તાલુકામાં આંગણવાડી વિતરણ કામગીરીને લઈ સવાલો!!

દાંતા

દાંતા હડાદ તાલુકામાં અગાઉ વિવાદમાં આવેલાને વિતરણની કામગીરી સાથે જોડાયેલા વ્યક્તિને લઈને વિવાદ સર્જાયો હોવાના આક્ષેપો થયા હતા. આ સંદર્ભે અગાઉ કેટલાક વીડિયો અને અન્ય આધાર-પુરાવા સોશિયલ મીડિયામાં વાયરલ થયા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે અગાઉ વિવાદમાં રહેલી કામગીરી અને સંબંધિત વ્યક્તિ અંગે જાણકારી હોવા છતાં ફરીથી દાંતા વિસ્તારમાં આંગણવાડીના જથ્થાના વિતરણની જવાબદારી સોંપવામાં આવી છે. જેના કારણે સમગ્ર પ્રક્રિયામાં કોન્ટ્રાક્ટરની જવાબદારીની ભૂમિકા અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે. લોકોમાં એવી પણ ચર્ચા છે કે જો અગાઉની કામગીરી અંગે ફરિયાદો કે પુરાવા ઉપલબ્ધ હતા, તો તેની યોગ્ય તપાસ કર્યા વિના ફરીથી આવી કામગીરી સોંપવામાં આવી હોય તો તે ગંભીર બાબત ગણાય. જોકે આક્ષેપોમાં તથ્ય કેટલું છે અને કોઈ કોન્ટ્રાક્ટરની મિલીભગત છે કે કેમ, તે અંગે નિષ્પક્ષ તપાસ બાદ જ સ્પષ્ટતા થઈ શકે. સ્થાનિક લોકોની માંગ છે કે સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવામાં આવે, અગાઉની કામગીરીના રેકોર્ડ તથા ઉપલબ્ધ વીડિયો-પુરાવાની ચકાસણી કરવામાં આવે અને જો નિયમોનો ભંગ થયો હોવાનું સામે આવે તો જવાબદાર વ્યક્તિ કે કોન્ટ્રાક્ટર સામે નિયમસર કાર્યવાહી કરવામાં આવે. સાથે જ, જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિવાદમાં રહેલી એજન્સી અથવા કોન્ટ્રાક્ટરની કામગીરી ચાલુ રાખવી યોગ્ય છે કે કેમ તેની પણ તંત્ર દ્વારા સમીક્ષા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. લોકોનું કહેવું છે કે આંગણવાડી જેવી સંવેદનશીલ વ્યવસ્થામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા જળવાઈ રહે તે માટે યોગ્ય પ્રક્રિયા અપનાવવી જરૂરી છે.



મુખ્ય સવાલ: અગાઉ વિવાદમાં રહેલી કામગીરી અંગે તંત્રને જાણ હતી કે નહીં? જો જાણ હતી, તો ફરીથી એ જ વિસ્તારમાં વિતરણની જવાબદારી કેમ સોંપવામાં આવી? આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસથી જ સાચી હકીકત બહાર આવી શકે.

## કલારાણીમાં હોસ્ટેલની જગ્યાએ હોસ્પિટલની માગ, ગ્રામજનો મેદાનમાં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના કલારાણી નજીક રંગલી ચાર રસ્તા પાસે હોસ્ટેલ માટે ફળવાયેલી સરકારી પડતર જમીનને લઈને ગ્રામજનોમાં વિરોધ જોવા મળ્યો છે. કલારાણી જૂથ ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આ જમીનની ફાળવણી નામંજૂર કરી, અહીં હોસ્પિટલ બનાવવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે વિસ્તારમાં પૂરતી આરોગ્ય સુવિધા ન હોવાથી ઈમરજન્સીના સમયે દર્દીઓને બોડેલી સહિત અન્ય સ્થળોએ લઈ જવાની ફરજ પડે છે.

છોટાઉદેપુર જિલ્લાના કલારાણી ગામ અને આસપાસના ગ્રામજનોની હોસ્પિટલ બનાવવાની માંગ કરવામાં આવી છે.

કલારાણી નજીક રંગલી ચાર રસ્તા પાસે આવેલી સરકારી પડતર જમીન હોસ્ટેલ બનાવવા માટે ફાળવવામાં આવી હોવાની માહિતી સામે આવતા સ્થાનિકોમાં વિરોધ જોવા મળ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે આ વિસ્તારમાં હાલમાં પૂરતી આરોગ્ય સુવિધા ઉપલબ્ધ નથી. ગંભીર બીમારી કે ઈમરજન્સીની સ્થિતિમાં દર્દીઓને સારવાર માટે બોડેલી અથવા અન્ય શહેરોમાં લઈ જવાની ફરજ પડે છે. દર્દીને સમયસર સારવાર મળે તે માટે સ્થાનિક સ્તરે જ હોસ્પિટલની સુવિધા ઉપલબ્ધ કરાવવાની ગ્રામજનોની માંગ છે.



કલારાણી જૂથ ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરવામાં આવી છે કે હોસ્ટેલ માટે ફાળવવામાં આવેલી જમીનની ફાળવણી નામંજૂર કરવામાં આવે અને આ જ સરકારી જમીન પર હોસ્પિટલ બનાવવા માટે ફાળવણી કરવામાં આવે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, અહીં હોસ્પિટલનું નિર્માણ થાય તો કલારાણી સહિત આસપાસના અનેક ગામોના લોકોને મોટી રાહત મળી શકે તેમ છે.

### પોલીસકર્મીએ મહિલાનું એકટીવા ચલાવી ઘેર પહોચાડ્યું

## નશામાં ચકનાચૂર મહિલા એકટીવા ચલાવવા સક્ષમ ન હતી, અભયમે વાનમાં બેસાડી ઘરે પહોંચાડી

અમદાવાદ, સમીર પટેલ

અમદાવાદ શહેરના ઉત્તર વિસ્તારમાં બે સગીર સંતાનોની વિધવા માતા નશાની હાલતમાં એકટીવા લઈને રસ્તા પર નીકળી પડી હતી. ભારે નશાના કારણે મહિલા એકટીવા ચલાવવા સક્ષમ ન હોવાથી રસ્તા પર એકટીવા ઊભી રાખી લોકોને ગાળો બોલતી હતી. આથી એક ત્રાહિત વ્યક્તિએ અભયમ મહિલા હેલ્પલાઈનને જાણ કરી હતી. કોલ મળતાં અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કોલ કરનારે ટીમને જણાવ્યું હતું કે, "બેન ખૂબ નશો કરેલી હાલતમાં છે. એકટીવા અહીં ઊભી રાખી ખરાબ-ખરાબ ગાળો બોલે છે." અભયમની ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કરતાં તેણે જણાવ્યું હતું કે, તે પોતાની ફ્રેન્ડના ઘરે ગઈ હતી અને હવે ઘરે જવું છે. મહિલાના પતિનો સંપર્ક કરવા અંગે પૂછતાં મહિલાએ જણાવ્યું હતું કે, તેના પતિનું ત્રણ વર્ષ પહેલાં અવસાન થયું છે અને હાલ તે પોતાના બે સગીર સંતાનો સાથે રહે છે. પિયર પક્ષ સાથે પણ કોઈ સંબંધ ન હોવાનું તેણે જણાવ્યું હતું. મહિલાએ પોતે જ ઘરે જવાની વાત કરી હતી, પરંતુ ભારે નશાના કારણે તે વ્યવસ્થિત રીતે ચાલી પણ શકતી ન હતી, જેથી એકટીવા ચલાવવી તો દૂરની વાત હતી. આવી સ્થિતિમાં મહિલા એકટીવા ચલાવીને જાય તો અકસ્માત સર્જાવાની શક્યતા હોવાથી અભયમની ટીમે મહિલાને એકલી જવા દીધી ન હતી. અભયમની ટીમે મહિલાનું સરનામું મેળવી તેને પોલીસ વાનમાં બેસાડી સુરક્ષિત રીતે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. સાથે જ એક પોલીસકર્મીએ મહિલાનું એકટીવા ચલાવી તેના ઘરે પહોંચાડ્યું હતું.

મહિલા ઘરે પહોંચતાં તેના બે સગીર સંતાનોએ રાહતનો શ્વાસ લીધો હતો. મહિલાની દીકરીએ અભયમની ટીમને જણાવ્યું હતું કે, "અમે મમ્મીને ઘણા સમયથી ફોન કરતા હતા, પરંતુ મોબાઈલ બંધ આવતો હોવાથી ચિંતામાં પડી ગયા હતા. તમે અમારી મમ્મીને ઘરે લઈ આવ્યા તે બદલ આભાર."

## બોટાદ ડેપ્યુટી DDO એ રાણપુર ગ્રામ પંચાયતની આકસ્મિક મુલાકાત લીધી

### ગામના વિકાસ કાર્યોની સમીક્ષા કરી, વેરા વસૂલાત વધારવા અને સુવિધાઓ સુધારવા પર ભાર મૂક્યો...

રાણપુર, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના ડેપ્યુટી જિલ્લા વિકાસ અધિકારી (DDO) બીપીન પરમારે રાણપુર ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. તેમણે પંચાયતની કામગીરી તપાસી હતી.આ મુલાકાત દરમિયાન પંચાયતની કામગીરી, વેરા વસૂલાત અને ગામના વિકાસને લગતા જુદા જુદા મુદ્દાઓ પર અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.ડેપ્યુટી DDO બીપીન પરમારે ખાસ કરીને ગ્રામ પંચાયત દ્વારા થતી વેરા વસૂલાતની કામગીરીની ચકાસણી કરી હતી. તેમણે બાકી રહેલા વેરાની વસૂલાત ઝડપથી કરવા અને પંચાયતની આવક વધારવા માટે જરૂરી કામગીરી કરવા સૂચના આપી હતી.આ ઉપરાંત, તેમણે રાણપુર ગામમાં ચાલી રહેલા વિકાસ કામો, ભવિષ્યમાં થનારા વિકાસ કાર્યો અને ગ્રામજનોને મળતી જુદી જુદી સુવિધાઓ વિશે પણ માહિતી મેળવી હતી. ગામના વિકાસમાં કોઈ અડચણ હોય તો તેનો ઉકેલ લાવવા અને વિકાસની કામગીરીને વધુ સારી અને ઝડપી બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.



### ભચાઉની શાળામાં કૃષ્ણ જન્મોત્સવ

## મટકી ફોડ સાથે ભચાઉની શાળા બની કૃષ્ણમય, વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ઉજવ્યો જન્મોત્સવ...

ભચાઉ

ભચાઉ ખાતે શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં મંગળવાર, તા. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ શાળાના વિશાળ મેદાનમાં કૃષ્ણ જન્મોત્સવ તથા મટકી ફોડ કાર્યક્રમનું ઉત્સાહ અને ઉમંગભેર આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષા, આનંદ અને ઉત્સાહ સાથે ભાગ લઈ સમગ્ર શાળા પરિસરને કૃષ્ણમય બનાવી દીધું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મટકી ફોડની પરંપરાગત રમતમાં વિદ્યાર્થીઓએ ટીમ ભાવના, સાહસ, સંકલન અને શિસ્તનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. મટકી ફોડતી વખતે વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત શિક્ષકો દ્વારા



કરવામાં આવેલા જયઘોષથી સમગ્ર શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓએ શ્રીકૃષ્ણના મનમોહક વેશમાં સજ્જ થઈ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ ઊભું કર્યું હતું.

શાળાના આચાર્ય શ્રી પ્રકાશકુમાર ચંપકલાલ પીડિત સાહેબના માર્ગદર્શન હેઠળ શિક્ષકગણ દ્વારા કરવામાં આવેલી આયોજનબદ્ધ મહેનત અને સુંદર વ્યવસ્થાના પરિણામે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને તહેવારો સાથે જોડવાનો તથા તેમની અંદર સહકાર, એકતા અને સર્જનાત્મકતાની ભાવના વિકસાવવાનો આ કાર્યક્રમ એક સુંદર પ્રયાસ બની રહ્યો હતો.

આ પ્રસંગે સંકુલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભરતભાઈ કાવતરાનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. શાળા પરિવારના શિક્ષકો અને કર્મચારીઓના સહયોગથી કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

## 'વાંચતા-લખતા આવડતું નથી' કહી માસૂમને પાઈપથી માર્યો! ઈખર શાળાની ઘટનાથી ખળભળાટ

આમોદ

આમોદ તાલુકાના ઈખર ગામની કુમાર પ્રાથમિક શાળામાં ધોરણ-2માં અભ્યાસ કરતા માસૂમ વિદ્યાર્થીને વાંચવા-લખવાની બાબતે શિક્ષક મુબારક દ્વારા પાઈપ વડે માર માર્યો હોવાના ગંભીર આક્ષેપ થયા છે.

ઘટનાને પગલે બાળકના શરીર પર ઈજાના નિશાન પડ્યા હોવાનું પરિવારજનોનું કહેવું છે.

વિદ્યાર્થીની માતાના આક્ષેપ મુજબ, તેમના પુત્રને માર મારવાની આ બીજી ઘટના છે. બાળક સાથે આવો વ્યવહાર કેમ કરવામાં આવ્યો તે અંગે માતાએ શિક્ષકને પૂછતાં શિક્ષકે ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો છે અને જવાબદાર શિક્ષક સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

આ ઘટનાએ શિક્ષણવ્યવસ્થા સામે પણ સવાલો ઊભા કર્યા છે. માસૂમ બાળકને શિસ્તના નામે માર મારવામાં આવ્યો હોય તો સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહે જણાવ્યું હતું કે સમગ્ર મામલે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસ સોંપવામાં આવી છે.

અધિકારી સ્થળ પર પહોંચી તપાસ કરી રહ્યા છે. તપાસ અહેવાલ મળ્યા બાદ આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે.



## વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો

# 'અર્જુન રેડ્ડી' ફેમ શાલિની પાંડેના વાયરલ વીડિયો અંગે મોટો ખુલાસો

મુંબઈ

બોલીવુડની જાણીતી અભિનેત્રી શાલિની પાંડેના નામે એક વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. 'અર્જુન રેડ્ડી'થી લોકપ્રિય બનેલી શાલિની પાંડેએ હવે આ મામલે પોતાની ચુપ્પી તોડી છે અને વાયરલ થઈ રહેલા વીડિયોને સંપૂર્ણપણે બનાવટી ગણાવ્યો છે. શાલિની પાંડેએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં તે પોતે નથી. અભિનેત્રીના જણાવ્યા મુજબ આ વીડિયો એઆઈ ટેક્નોલોજીની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે અને ખોટી રીતે તેમના નામ સાથે જોડવામાં આવી રહ્યો છે. તેણે લોકોને આવા વીડિયો પર વિશ્વાસ ન કરવા અને તેને શેર કે ફોરવર્ડ નહીં કરવાની અપીલ કરી છે.

આ ઘટનાને કારણે ફરી એકવાર એઆઈ અને ડીપફેક ટેક્નોલોજીના દુરુપયોગ અંગે સવાલો ઊભા થયા છે. આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કોઈ વ્યક્તિના ચહેરા અથવા દેખાવને અન્ય વીડિયો સાથે જોડીને બનાવટી કન્ટેન્ટ તૈયાર કરી શકાય છે. ઘણી વખત આવા વીડિયો અસલી હોય તેવા લાગે છે, જેના કારણે લોકો સરળતાથી ભ્રમિત થઈ જાય છે. શાલિની પાંડેને 2017માં આવેલી તેલુગુ ફિલ્મ 'અર્જુન રેડ્ડી'થી મોટી ઓળખ મળી હતી. ફિલ્મમાં તેમણે પ્રીતિનું પાત્ર ભજવ્યું હતું અને વિજય દેવરકોંડા સાથે કામ કર્યું હતું. આ ફિલ્મની સફળતા બાદ શાલિનીએ અન્ય ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. તેણે રણવીર સિંહ સાથે 'જયેશભાઈ જોરદાર' દ્વારા બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યાર બાદ હવે આ વીડિયો લઈને અભિનેત્રી ફરી એક વાર ચર્ચામાં આવી હતી. વાયરલ થઈ રહેલા આ બનાવટી વીડિયોને લઈને શાલિની પાંડેએ પોતાની સ્પષ્ટતા આપી છે. બોલીવુડની જાણીતી અભિનેત્રી શાલિની પાંડેના નામે એક વાંધાજનક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. 'અર્જુન રેડ્ડી'થી લોકપ્રિય બનેલી શાલિની પાંડેએ હવે આ મામલે પોતાની ચુપ્પી તોડી છે અને વાયરલ થઈ રહેલા વીડિયોને સંપૂર્ણપણે બનાવટી ગણાવ્યો છે. શાલિની પાંડેએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં તે પોતે નથી.

**અભિનેત્રી શાલિનીએ રણવીર સિંહ સાથે 'જયેશભાઈ જોરદાર' દ્વારા બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું**

# દિલ્હીમાં સગીરા પર ગેંગરેપને લઈ ભૂમિ પેડનેકર ભડકી

## એક્ટ્રેસે મહિલા સુરક્ષા પર પ્રશ્નો ઉઠાવતા કહ્યું- 'શરમજનક, આવી ઘટનાઓ વારંવાર કેમ બની રહી છે?'



મુંબઈ

દિલ્હી-એનસીઆરમાં ચાલતી સ્લીપર બસની અંદર 16 વર્ષની સગીર છોકરી સાથે થયેલા ગેંગરેપના મામલે એક્ટ્રેસ ભૂમિ પેડનેકરે સખત વિરોધ નોંધાવ્યો છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને દેશમાં મહિલાઓની સુરક્ષા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ભૂમિએ લખ્યું કે, વારંવાર આવી ઘટનાઓ કેવી રીતે બની શકે છે, આ અત્યંત શરમજનક છે. ખોટી બસમાં બેસાડીને સગીરા સાથે દુષ્કર્મ આચર્યું દિલ્હી પોલીસ અનુસાર, ઉત્તર પ્રદેશના મૈનપુરીની રહેવાસી 11મા ધોરણની વિદ્યાર્થિની પોતાના ઘરેથી નોઈડા જવા નીકળી હતી. ગ્રેટર નોઈડાના પરી ચોક પર વરસાદ અને અંધારું હોવાને કારણે તે ફસાઈ ગઈ. આ દરમિયાન આવેલી એક પ્રાઈવેટ સ્લીપર બસના કંડક્ટરે તેને લલચાવીને બસમાં બેસાડી દીધો. બસમાં અન્ય કોઈ મુસાફર નહોતા. રસ્તો શરૂ થતાં જ બસ ડ્રાઈવર અને કંડક્ટરે સગીર સાથે દુષ્કર્મ આચર્યું અને વિરોધ કરવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી. ઘટના 4 ઓગસ્ટની છે, પોલીસે 31 ઓગસ્ટના રોજ તેની જાણકારી આપી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બસને તિમારપુરથી જપ્ત કરીને બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. મહિલા સુરક્ષા અને સ્ટુડન્ટ પ્રોટેસ્ટ પર ભૂમિ પહેલા પણ બોલી ચૂકી છે આ પહેલો પ્રસંગ નથી જ્યારે ભૂમિ પેડનેકરે મહિલાઓ વિરુદ્ધ થઈ રહેલા ગુનાઓ અને સુરક્ષાના મુદ્દે વાત કરી હોય. આ પહેલા દિલ્હીના જંતર-મંતર પર NEET-UG પેપર લીક વિરુદ્ધ થયેલા સ્ટુડન્ટ પ્રોટેસ્ટ દરમિયાન પણ તે ખૂબ જ સ્પષ્ટવક્તા રહી હતી. તે સમયે પ્રદર્શનમાં વડાપ્રધાન મોદીને અપશબ્દો કહેનાર એક સગીર વિદ્યાર્થિનીને જ્યારે સોશિયલ મીડિયા પર દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકીઓ મળવા લાગી હતી.

# લગ્નના માત્ર 5 મહિના બાદ જ અલગ થયા બાદશાહ-ઈશા રિખી

## માનસીએ દુર્ઘટનાના થોડા કલાકો પહેલાં જ યાત્રા સાથે જોડાયેલી કેટલીક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા

મુંબઈ

જાણીતા રેપસોંગ કિંગ બાદશાહના અંગત જીવનમાં બીજીવાર મોટી તિરાડ પડી ગઈ છે. પંજાબી એક્ટ્રેસ ઈશા રિખી સાથે લગ્ન તૂટી ગયા છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી કેટલીક અટકળ સામે હવે પોસ્ટ દ્વારા આ વાતની ખાતરી થઈ ગઈ છે. આ પોસ્ટ શૅર કરીને સ્પષ્ટ કર્યું છે કે, બન્ને અલગ થઈ ગયા છે. બાદશાહ (આદિત્ય પ્રતિકસિંહ સિસોદિયા) એ એક્ટ્રેસ ઈશા રિખી સાથે પોતાના સંબંધો પૂરા કર્યાનો ખુલાસો કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી બન્નેના સંબંધોમાં ખટાશ પેશી ગઈ હતી. ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર એક પોસ્ટ મૂકીને છૂટાછેડાનું એલાન કરાયું છે. આ વાવડ સામે આવતા મ્યુઝિક અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો તેમજ બાદશાહના ફેન્સ ચોંકી ગયા હતા. બન્નેએ સ્પષ્ટતા કરી હતી કે, આ નિર્ણય બન્નેએ સહ-સહમતીથી લીધો છે. હવે તેઓ પોતપોતાની અંગત જિંદગીમાં આગળ વધવા માગે છે. બાદશાહે પોતાની ઈન્સ્ટા. સ્ટોરી પર લખ્યું હતું કે, બન્ને એકબીજાના સન્માન સાથે છૂટા પડી રહ્યા છે. બાદશાહે લખ્યું કે, મેં અને ઈશાએ મળીને અલગ થવાનો નિર્ણય લીધો છે. અમારા રસ્તાઓ જુદા કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય એકબીજાના સન્માન સાથે લેવામાં આવ્યો છે. લોકોને અપીલ કરીએ છીએ કે, આ મુશ્કેલીભરી ક્ષણમાં અમારી પ્રાયવસીનો ખ્યાલ રાખજો.બાદશાહે એ વાત પણ સ્પષ્ટ કરી કે, આ તેનું પહેલું અને સ્પષ્ટ, અંતિમ નિવેદન છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ યુઝર્સ અને ફેન્સને અપીલ કરતા કહ્યું કે, આ સંબંધને લઈને કોઈ જ પ્રકારની અફવા ફેલાવવામાં ન આવે. જુલાઈ મહિનાથી જ બન્ને વચ્ચે ખટાશ ચાલી રહી છે એ વાત સામે આવી હતી. એ સમયે ઈશાએ પોતાના ઈન્સ્ટા. પર બાદશાહ સાથે પોતાની કેટલીટ જૂની તસવીર શૅર કરી હતી. વીડિયો શૅર કર્યા હતા. આ પોસ્ટ સાથે એક ઈમોશનલ પોસ્ટ પણ મૂકી હતી કે, 'હર તુફાન એક સબક હોતા હૈ, હર દુઆ એક ઉમ્મીદ'. સોશિયલ મીડિયા પર ચર્ચા એ સમયે વધારે મજબૂત બની જ્યારે ઈશાની માતાએ કર્મના ફળ સાથે જોડાયેલી એક પોસ્ટ શૅર કરી હતી. લોકોએ આ પોસ્ટને બન્નેના સંબંધો સાથે જોડીને ક્યાસ લગાવવાના શરૂ કરી દીધા હતા.







# રકુલ પ્રીત સિંઘનો રોયલ લુક, વેસ્ટર્ન આઉટફિટમાં લાગી ખૂબ જ ગ્લેમરસ

## આ વખતે અભિનેત્રીએ હટકે અવતારના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે

મુંબઈ

રકુલ પ્રીત સિંહ પણ તેના લુકના કારણે ચર્ચામાં છે. તેની દરેક સ્ટાઈલે લોકોને દિવાના બનાવી દે છે. રકુલ પ્રીત સિંહ આજે તેના ઉત્તમ અભિનય માટે જાણીતી છે. આ અભિનેત્રીએ દક્ષિણ સિનેમાથી લઈને બોલિવૂડ સુધી પોતાના અભિનયનો જાદુ પાથર્યો છે.જ્યારે પણ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ સ્ક્રીન પર આવે છે, ત્યારે દર્શકો તેના પરથી નજર હટાવી શકતા નથી.

અભિનેત્રીએ એ પણ સાબિત કર્યું છે કે તે કોઈપણ પ્રકારનું પાત્ર ખૂબ સારી રીતે ભજવી શકે છે, અભિનેત્રી તેના લુકને કારણે ચર્ચામાં છે. હવે ફરી એકવાર અભિનેત્રીની સ્ટાઈલિશ સ્ટાઈલ જોવા મળી છે. રકુલના ચાહકો આજે દુનિયાભરમાં હાજર છે, જેઓ તેને જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. આ વખતે અભિનેત્રીએ હટકે અવતારના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. રકુલ પ્રીત સિંહ આ મોડર્ન ઈન્ડો-વેસ્ટર્ન આઉટફિટમાં અત્યંત ગ્લેમરસ, ભવ્ય અને રોયલ લુકમાં નજરે પડી રહી છે. રકુલ પ્રીત સિંહ આ મોડર્ન ઈન્ડો-વેસ્ટર્ન આઉટફિટમાં અત્યંત ગ્લેમરસ, ભવ્ય અને રોયલ લુકમાં નજરે પડી રહી છે. હેવી મિરર અને સિલ્વર સીક્વિન વર્ક ધરાવતું ઓફ શોલ્ડર કોર્સેટ બ્લાઉઝ અને તેની સાથે ડ્રેપ કરેલી વ્હાઈટ સાડી તેના આ આઉટફિટને યુનિક અને ટ્રેન્ડી ટચ આપે છે. હેવી મિરર અને સિલ્વર સીક્વિન વર્ક ધરાવતું ઓફ શોલ્ડર કોર્સેટ બ્લાઉઝ અને તેની સાથે ડ્રેપ કરેલી વ્હાઈટ સાડી તેના આ આઉટફિટને યુનિક અને ટ્રેન્ડી ટચ આપે છે. રકુલ પ્રીત સિંહ પણ તેના લુકના કારણે ચર્ચામાં છે. તેની દરેક સ્ટાઈલે લોકોને દિવાના બનાવી દે છે. રકુલ પ્રીત સિંહ આજે તેના ઉત્તમ અભિનય માટે જાણીતી છે. આ અભિનેત્રીએ દક્ષિણ સિનેમાથી લઈને બોલિવૂડ સુધી પોતાના અભિનયનો જાદુ પાથર્યો છે.જ્યારે પણ અભિનેત્રી રકુલ પ્રીત સિંહ સ્ક્રીન પર આવે છે

# 'દાયરા' ટ્રેલર લોન્ચમાં કરીનાનો પારો ચઢ્યો, પાપારાઝીને પબ્લિકમાં ઝાટકી નાંખ્યા

મુંબઈ

કરીના કપૂરની આવનારી નવી ફિલ્મ 'દાયરા'નું ટ્રેલર લૉંચ થઈ ગયું છે. ટ્રેલરમાંથી સ્પષ્ટ થાય છે કે, ફિલ્મમાં મહત્ત્વના બે કેસની તપાસ થઈ રહી છે. કરીના કપૂર એક પોલીસ ઓફિસરના રોલમાં છે. આ ફિલ્મમાં કરીના સાથે પૃથ્વીરાજ સ્ક્રિન શૅર કરી રહ્યો છે. હવે આ બન્ને કેસ એક જ છે કે, જુદા જુદા એ ફિલ્મ રિલીઝ થયા બાદ ખ્યાલ આવશે. છેલ્લા કેટલાક સમયથી આ ફિલ્મની ફેન્સ રાહ જોઈને બેઠા હતા. આ ફિલ્મ સત્ય ઘટનાથી પ્રેરિત છે અને મેઘના ગુલઝારે તૈયાર કરી છે. ફિલ્મ પ્રમોશન દરમિયાન કરીનાના સ્ટાઈલીશ લૂકે ફેન્સનું ધ્યાન ખેંચ્યું હતું. ટ્રેલર લૉંચ વખતે થયું એવું કે, કરીના પાપારાઝીથી નારાજ થઈ ગઈ હતી. 'દાયરા'ના ટ્રેલર લૉંચ વખતેનો એક વીડિયો સામે આવ્યો છે. જે સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં કરીના ફિલ્મની ટીમ સાથે પાપારાઝી સામે પોઝ આપી રહી છે. અલગ-અલગ પોઝ માટે પાપારાઝી એમને વારંવાર આગળ પાછળ થવા માટે કહી રહ્યા છે. આ કારણે કરીનાને ગુસ્સો આવ્યો હતો. કરીનાએ કહ્યું કે, 'કભી ઈધર, કભી ઉધર...હિલ્સ પહની હૈ મૈંને...' ઈવેન્ટ દરમિયાન એનો થોડી ક્ષણ માટે તો મૂડ ઓફ થઈ ગયો હતો. આ ફિલ્મ તા.18 સપ્ટેમ્બરના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મમાં કરીના કપૂર સાથે પૃથ્વીરાજ સુકુમાર લીડ રોલ પ્લે કરે છે. એમની સાથે વિશ્વપતિ સરકાર, જિતેન્દ્ર જોશી, કંવલજીત સિંહ અને પ્રગતિ મિશ્રા પણ જોવા મળશે. સીમા અગ્રવાલ અને યશ કેશવાનીએ સાથે મળીને સમગ્ર ફિલ્મની સ્ટોરી લખી છે. અલગ અલગ કિસ્સાની સ્ટોરી આ ફિલ્મમાં કરીના DCP અજુની કોહલીનું પાત્ર પ્લે કરી રહી છે. જ્યારે પૃથ્વીરાજ ડીસીપી રમન કુમારનો રોલ પ્લે કરી રહ્યા છે. ફિલ્મની સ્ટોરી વર્ષ 2019માં બનેલા હૈદરાબાદના કિસ્સા પરથી લેવામાં આવી છે, જોકે મેઘનાએ સ્પષ્ટ કર્યું હતું કે, આ ફિલ્મની વાર્તા કોઈ એક જ કિસ્સા પર આધારિત નથી.



### ઈન્સ્ટા પર ઈમોશનલ પોસ્ટ કરી, લખ્યું- આ નિર્ણય ખૂબ મુશ્કેલ અને પીડાદાયક

# મેસ્સીએ ઈન્ટરનેશનલ ફૂટબોલને અલવિદા કહ્યું

વોશિંગ્ટન

આર્જેન્ટિનાના સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી સંન્યાસ લઈ લીધો છે. તેમણે સોમવારે એક ઈન્સ્ટા પોસ્ટ દ્વારા આની જાણકારી આપી. મેસ્સીએ લખ્યું કે હવે તેઓ રાષ્ટ્રીય ટીમની જર્સી નહીં પહેરે. મેસ્સીએ લખ્યું- 'વર્લ્ડ કપ ફાઈનલમાં સ્પેન સામે હાર્યાના બે દિવસ પછી તેમણે આ નિર્ણય લીધો હતો.' મેસ્સીએ કહ્યું કે આ નિર્ણય તેમના માટે ખૂબ જ મુશ્કેલ અને પીડાદાયક છે. મેસ્સીએ લખ્યું, 'ફાઈનલ પછી ઘણો સમય વીતી ગયો છે. ઘણું વિચાર્યા પછી હું બધાને જણાવવા માંગુ છું કે હું નેશનલ ટીમમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું.' આગળ વાંચો મેસ્સીએ શું-શું લખ્યું...?



આ એક એવો નિર્ણય હતો જેણે મને દુ:ખ પહોંચાડ્યું અને આજે પણ ઊંડે સુધી દુ:ખ આપે છે, પરંતુ હું સમજું છું કે આ જ યોગ્ય સમય છે. મેં હંમેશા આ જર્સી માટે મારું સર્વસ્વ આપ્યું છે.

મેં હંમેશા લડાઈ લડી અને શ્રેષ્ઠ આપ્યું. જેથી તમને ખુશી મળે. ફૂટબોલ દ્વારા તમને આર્જેન્ટિનાના હોવાનો ગર્વ અનુભવાય.

મેસ્સીએ લખ્યું- 'હવે સમય ... બચ્યો છે. કારકિર્દીના કેટલાક પ્રકરણો સમાપ્ત થવા લાગ્યા છે. આ એક એવું પ્રકરણ છે, જે દુ:ખ આપે છે. મને આર્જેન્ટિનાની નેશનલ ટીમનો ભાગ બનવું ગમતું હતું અને આગળ પણ ગમશે. મેં મારું સર્વસ્વ આપી દીધું છે, હવે મારી પાસે આપવા માટે કંઈ બચ્યું નથી. આ ઉપરાંત, કેટલાક શાનદાર યુવા ખેલાડીઓ આવી રહ્યા છે, જેઓ તેમની તકના હકદાર છે.' પિતાના નિધન પછી કહ્યું હતું કે- વધુ રમી નહીં શકું મેસ્સીએ પોતાના પિતાના મૃત્યુ પછી એક પોસ્ટમાં લખ્યું હતું કે તેમને આ વાતને લઈને 'ઘણી શંકા' હતી કે તેઓ વધુ સમય સુધી આર્જેન્ટિના માટે રમવાનું ચાલુ રાખી શકશે કે નહીં.

## અલ્કારેઝે 139 દિવસ પછી જીત સાથે કમબેક કર્યું

વોશિંગ્ટન

યુએસ ઓપન 2026માં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારેઝે 139 દિવસ પછી સિંગલ્સ કોર્ટ પર જીત સાથે વાપસી કરી. અલ્કારેઝ કાંડાની ઈજાને કારણે ચાર મહિનાથી વધુ સમય સુધી ટેનિસથી દૂર રહ્યા હતા. સ્પેનના ખેલાડીએ ન્યૂયોર્કના આર્થર એશ



સ્ટેડિયમમાં રશિયાના રોમન સફિયુલિનને 6-4, 6-4, 6-4થી હરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું. જ્યારે, વિમેન્સ સિંગલ્સમાં બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્યના સબાલેન્કાએ કેમિલા ઓસોરિયોને 6-2, 6-4થી હરાવી. અલ્કારેઝ ઈજાને કારણે ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડન રમી શક્યો નહોતો અલ્કારેઝે ઈજાને કારણે આ દરમિયાન ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડનમાં ભાગ લીધો ન હતો. મેચ દરમિયાન તે જમણા હાથ પર કમ્પ્રેશન સ્લીવ પહેરીને રમ્યો હતો. અલ્કારેઝની વાપસીની જીત શાનદાર રહી, પરંતુ સર્વિસમાં તેને સંઘર્ષ કરવો પડ્યો. તેણે કહ્યું કે ચાર મહિના પછી વાપસીમાં તેને મેચ ફિટનેસને લઈને થોડી ચિંતા હતી. તેને એ પણ શંકા હતી કે તે પાંચ સેટની મેચ રમી શકશે કે નહીં. જીત પછી તેણે કહ્યું કે તેને લય હાંસલ કરવા માટે હજુ વધુ મેચ રમવાની જરૂર છે. કાર્લોસ અલ્કારેઝ 2004થી 2008ની વચ્ચે સતત પાંચ વખત ખિતાબ જીતનાર રોજર ફેડરર પછી યુએસ ઓપન મેન્સ સિંગલ્સનો ખિતાબ સતત બીજી વખત જીતનાર પ્રથમ ખેલાડી બનવાના પ્રયાસમાં છે.

### વૈભવ સૂર્યવંશીએ 92 અને 40 રન બનાવ્યા

## દુલીપ ટ્રોફીની ફાઇનલમાં પહોંચ્યું ઈસ્ટ ઝોન: ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોનને 4 વિકેટે હરાવ્યું

નવી દિલ્હી

દુલીપ ટ્રોફીની સેમિફાઈનલમાં મંગળવારે ઈસ્ટ ઝોને ડિફેન્ડિંગ ચેમ્પિયન સેન્ટ્રલ ઝોનને 4 વિકેટે હરાવ્યું. આ સાથે જ ટીમે ફાઈનલમાં સ્થાન મેળવી લીધું, જ્યાં તેનો મુકાબલો બીજી સેમિફાઈનલની વિજેતા ટીમ સાથે થશે.

ઈસ્ટ ઝોનને જીતવા માટે 159 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેને ટીમે ટેસ્ટ મેચના ત્રીજા દિવસે 80.1 ઓવરમાં ચેઝ કરી લીધો. કેપ્ટન ઈશાન કિશન 39 અને મોહમ્મદ શમી 8 રન બનાવીને અણનમ પરત ફર્યા. ટીમના વાઈસ-કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ 40 રનની ઈનિંગ



રમી. વૈભવે પ્રથમ ઈનિંગમાં 7 ચોગ્ગા અને 7 છગ્ગા સાથે 92 રન બનાવ્યા હતા. સેન્ટ્રલ ઝોનની શરૂઆત ખરાબ રહી અને 37 રન સુધીમાં ટીમના ત્રણ વિકેટ પડી ગયા. કેપ્ટન રજત પાટીદાર 5 અને રિંકુ સિંહ 20 રન જ બનાવી શક્યા. 95 રન સુધીમાં 7 વિકેટ ગુમાવ્યા પછી અરશદ ખાને લોઅર ઓર્ડરના બેટર્સ સાથે મળીને ટીમને 150 રન પાર પહોંચાડી. જોકે, ટીમ 158 રન પર જ ઓલઆઉટ થઈ ગઈ. ઈસ્ટ ઝોન તરફથી મુકેશ કુમાર સૌથી સફળ બોલર રહ્યો.

તેણે 12 ઓવરમાં 44 રન આપીને 4 વિકેટ લીધી. મોહમ્મદ શમીએ 3, જ્યારે અભિજીત સરકાર, અનુકૂલ રોય અને કુનૈન કુરેશીએ 1-1 વિકેટ લીધી. મોહમ્મદ શમીએ દુલીપ ટ્રોફી સેમિફાઈનલના પ્રથમ દિવસે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. ઈસ્ટ ઝોન તરફથી રમી રહેલા શમીએ સેન્ટ્રલ ઝોન સામે 3 વિકેટ લઈને પ્રોફેશનલ ક્રિકેટમાં પોતાની 900 વિકેટ પૂરી કરી.

# બેન સ્ટોક્સનું 11 વર્ષ પછી બિગ બેશ લીગમાં કમબેક

### એડિલેડ સ્ટ્રાઈકર્સ સાથે જોડાયો; આખી સીઝન રમશે

સિડની

ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી, બેન સ્ટોક્સ બિગ બેશ લીગની ટીમ એડિલેડ સ્ટ્રાઈકર્સ સાથે જોડાયો છે. તે ફ્રેન્ચાઈઝી સાથે 5 લાખ ઓસ્ટ્રેલિયન ડોલરમાં જોડાયો છે.

કરાર મુજબ, જો સ્ટ્રાઈકર્સ ક્વોલિફાય કરશે, તો સ્ટોક્સ ટુર્નામેન્ટના છેલ્લા રાઉન્ડ સુધી ટીમ સાથે રહેશે. આ સીઝનની ફાઈનલ 26 જાન્યુઆરી 2027ના રોજ યોજાશે.

સ્ટોક્સે છેલ્લે 2015ની શરૂઆતમાં BBL મેચ રમી હતી. 2023માં ચેન્નઈ સુપર કિંગ્સ માટે IPL રમ્યા પછી તેણે કોઈ T20 ક્રિકેટ રમી નથી. BBLએ આ પોસ્ટ માટે સ્ટોક્સના



કમબેકની જાહેરાત કરી. સ્ટોક્સે BBLમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના પછી સાઉથ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ એસોસિયેશન (SACA)ના ક્રિકેટ જનરલ મેનેજર સાયમન ઈન્સલીએ તેની સાથે વાતચીત કરી. સ્ટોક્સને સિડની સિક્સર્સ અને મેલબોર્ન રેનેગેડ્સ જેવી ટીમ પણ પોતાની સાથે જોડવા માંગતી હતી. સ્ટ્રાઈકર્સ હાલમાં અન્ય બે મોટા નામો સાથે વાતચીત કરી રહ્યા છે. ટીમને આશા છે કે ટૂંક સમયમાં તેમની સાથે જોડાવાની પુષ્ટિ કરવામાં આવશે. તેમની પ્રથમ મેચ કેનબેરામાં સિડની થન્ડર સામે થશે. SACA અનુસાર, એડિલેડ ઓવલ અને એડિલેડ શહેર પ્રત્યે સ્ટોક્સનો લગાવ કરાર નક્કી કરવામાં મહત્વનો રહ્યો. ડાબા હાથના બેટર સ્ટોક્સના એડિલેડમાં દોઢ મહિનાના રોકાણ દરમિયાન તેનો પરિવાર પણ તેની સાથે રહેવાની અપેક્ષા છે. SACAના એક સૂત્રએ જણાવ્યું કે, 'બેન આગામી BBL સીઝનમાં સ્ટ્રાઈકર્સની વાદળી જર્સી પહેરવા અને સાચા દક્ષિણ ઓસ્ટ્રેલિયન તરીકે રહેવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.' સ્ટ્રાઈકર્સમાં મેટ શોર્ટ સહિત ઘણા સ્થાનિક ખેલાડીઓ BBLમાં ખાનગી રોકાણને લઈને સતત ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન મોટા નામવાળા વિદેશી ખેલાડીઓને જોડવા એ લીગની પ્રાથમિકતાઓમાં સામેલ છે. સ્ટોક્સ સ્ટ્રાઈકર્સના ડ્રેસિંગ રૂમમાં ઓસ્ટ્રેલિયાના નિયમિત મર્યાદિત ઓવરોના ખેલાડી મેટ શોર્ટ સાથે રહેશે. ટીમમાં જેસન સાંઘા, લિયામ સ્કોટ, હેનરી થોર્નટન અને મેકેન્ઝી હાર્વે જેવા સ્થાનિક ખેલાડીઓ પણ છે. હાલમાં ટીમમાં એલેક્સ કેરીનું નામ પણ સામેલ છે. જોકે, ટેસ્ટ સીઝન અને ભારતના ટેસ્ટ પ્રવાસના કાર્યક્રમને જોતા તેની આ સીઝનમાં રમવાની સંભાવના ઓછી છે.



### પાંચ સભ્યની બેન્ચે રોક લગાવી

# સુભાષચંદ્રા કેસમાં NCLTના આદેશ પર રોક

મુંબઈ

NCLTની 5-સભ્યની બેન્ચે ઝી ગ્રુપના ફાઉન્ડર સુભાષ ચંદ્રાના 6.25 કરોડના રિપેમેન્ટ પ્લાનને મંજૂરી આપતા 25 ઓગસ્ટના આદેશ પર રોક લગાવી દીધી છે. કોર્ટે સુભાષ ચંદ્રા પર પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે પોતાની કોઈપણ સંપત્તિ વેચવા કે ટ્રાન્સફર કરવા પર રોક લગાવી દીધી છે. તમામ સંબંધિત પક્ષોને નોટિસ પણ જારી કરી છે. આ NCLTના ઈતિહાસમાં પહેલીવાર છે, જ્યારે પાંચ સભ્યની બેન્ચ બનાવવામાં આવી છે. બેન્ચની અધ્યક્ષતા પ્રેસિડેન્ટ જસ્ટિસ અનૂપિંદર સિંહ ગ્રેવાલ કરી રહ્યા છે. તેના બાકીના સભ્યો બચુ વેંકટ બાલારામ દાસ, મહેન્દ્ર ખંડેલવાલ,



અતુલ ચતુર્વેદી અને રવિન્દ્ર ચતુર્વેદી છે. 5-જજોની બેન્ચે સુભાષ ચંદ્રાના 6.25 કરોડના રીપેમેન્ટ પ્લાનની મંજૂરી પર તાત્કાલિક રોક લગાવી દીધી છે. આ ઉપરાંત કોર્ટે સુભાષ ચંદ્રા પર પોતાની કોઈ પણ સંપત્તિ વેચવા કે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેસ સાથે સંકળાયેલા તમામ પક્ષોને નોટિસ જારી કરવામાં આવી છે. ટ્રિબ્યુનલે સ્પષ્ટ કહ્યું કે 25 ઓગસ્ટે આવેલો નિર્ણય જજોની સ્પષ્ટ બહુમતીથી બન્યો ન હતો. કેસની સુનાવણી કરનારા ત્રણેય સભ્યોનો અભિપ્રાય અલગ-અલગ હતો, તેથી તે આદેશને માન્ય ગણી શકાય નહીં. સુભાષ ચંદ્રા પર બેંકો અને નાણાકીય સંસ્થાઓનું કુલ 22,006.57 કરોડનું દેવું બાકી છે. આ મોટા દેવાના બદલામાં તેમણે માત્ર 6.25 કરોડ ચૂકવવાનો પ્રસ્તાવ આપ્યો હતો, જેનો બેંકો સતત વિરોધ કરી રહી હતી. કેસની સુનાવણી કરી રહેલા 2 મૂળ જજો અને બાદમાં સામેલ કરાયેલા ત્રીજા સભ્ય, ત્રણેયના મંતવ્યો એકબીજાથી સંપૂર્ણપણે અલગ હતા.

### ગયા વર્ષે આ જ મહિને ₹1.74 લાખ કરોડ હતું

# ઓગસ્ટમાં GST કલેક્શન 14.8% વધીને ₹2 લાખ કરોડ પહોંચ્યું

### વધારાનું સૌથી મોટું કારણ વિદેશથી આવતા સામાન પર મળતો ટેક્સ રહ્યો, જે 29% વધીને ₹62,604 કરોડ પર પહોંચી ગયો. GST પણ 9.3% વધીને ₹1.37 લાખ કરોડ થઈ ગયો

નવી દિલ્હી

દેશનું GST કલેક્શન ઓગસ્ટ 2026માં વાર્ષિક ધોરણે 14.8% વધીને 2 લાખ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા વર્ષે એટલે કે ઓગસ્ટ 2025માં કુલ GST કલેક્શન 1.74 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું. આજે મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ આ આંકડા જાહેર કરવામાં આવ્યા. વધારાનું સૌથી મોટું કારણ વિદેશથી આવતા સામાન પર મળતો ટેક્સ રહ્યો, જે 29% વધીને 62,604 કરોડ પર પહોંચી ગયો. જ્યારે, દેશની અંદર થતી ખરીદી અને વેપારમાંથી મળતો GST પણ 9.3% વધીને 1.37 લાખ કરોડ થઈ ગયો. જોકે, માસિક ધોરણે ઓગસ્ટનો આંકડો જુલાઈ 2026ના 2.11 લાખ કરોડની સરખામણીમાં લગભગ 11,147 કરોડ ઓછો રહ્યો છે. જીએસટી કલેક્શન એ દર્શાવે છે કે દેશની અર્થવ્યવસ્થા કેટલી




સ્વસ્થ છે. જ્યારે જીએસટી વધે છે, ત્યારે તેનો અર્થ એ થાય છે કે લોકો બજારોમાં ખુલીને ખરીદી કરી રહ્યા છે. ફેક્ટરીઓમાં સામાન ઝડપથી બની રહ્યો છે. વેપારીઓ પણ ઈમાનદારીથી ટેક્સ ચૂકવી રહ્યા છે. 2017માં GST લાગુ કરવામાં આવ્યો હતો. સરકારે 1 જુલાઈ 2017ના રોજ દેશભરમાં GST લાગુ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્ર અને રાજ્ય સરકારોના 17 કર અને 13 ઉપકર દૂર કરવામાં આવ્યા હતા.

GSTના ચાર ભાગ

CGST: કેન્દ્ર સરકાર દ્વારા વસૂલવામાં આવે છે. SGST: રાજ્ય સરકારો દ્વારા વસૂલવામાં આવે છે.

IGST: જ્યારે સામાન એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વેચવામાં આવે છે અથવા વિદેશથી મંગાવવામાં આવે છે, ત્યારે તેના પર IGST લાગે છે. તેને કેન્દ્ર સરકાર વસૂલે છે અને પછી તેનો અડધો ભાગ સામાનનો ઉપયોગ કરનાર રાજ્યને આપી દે છે.


ઉપકર: આ સામાન્ય ટેક્સ ઉપરાંત લાગતો એક વધારાનો ટેક્સ છે, જે ફક્ત મોંઘી અથવા હાનિકારક વસ્તુઓ જેવી કે લક્ઝરી ગાડીઓ, તમાકુ, સિગારેટ પર લગાવવામાં આવે છે. તેનાથી મળતા પૈસાનો ઉપયોગ શિક્ષણ, સ્વાસ્થ્ય અથવા કોઈ ખાસ ફંડ માટે જ કરવામાં આવે છે.

### સંગ્રહખોરી રોકવા અને કિંમતો ઘટાડવા સરકારનો નિર્ણય

# ડીલરો 15 સપ્ટેમ્બરથી 2000 ક્વિન્ટલ ખાંડ રાખી શકશે: સ્ટોક 30 દિવસથી વધુ રાખી શકશે નહીં

મુંબઈ

દેશમાં ખાંડ ટૂંક સમયમાં સસ્તી થઈ શકે છે. કેન્દ્ર સરકારે સંગ્રહખોરી રોકવા અને તહેવારો પહેલાં કિંમતોને નિયંત્રિત કરવા માટે ખાંડના ડીલરો માટે સ્ટોક લિમિટ ઘટાડવાની જાહેરાત કરી છે. ખાદ્ય મંત્રાલયના નવા આદેશ મુજબ, 15 સપ્ટેમ્બરથી ખાંડના વેપારીઓ અને ડીલરો મહત્તમ 2,000 ક્વિન્ટલ જ સ્ટોક રાખી શકશે. આ નવો નિયમ 30 નવેમ્બર 2026 સુધી સમગ્ર દેશમાં લાગુ રહેશે. વેપારીઓ 30 દિવસથી વધુ સમય સુધી સ્ટોક રાખી શકશે નહીં. નવા નિયમો અનુસાર, ડીલરોને હવે સ્ટોક મળ્યાની તારીખથી 30 દિવસથી વધુ સમય સુધી ખાંડ રાખવાની




મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, તેઓ દેશમાં કોઈપણ સ્થળે એક સમયે 2000 ક્વિન્ટલથી વધુ ખાંડ રાખી શકશે નહીં. સરકારનો ઉદ્દેશ્ય સંગ્રહખોરી અને સટ્ટાખોરી પર અંકુશ લગાવવાનો છે, જેથી બજારમાં પુરવઠો સુચારુ રહે અને સામાન્ય ગ્રાહકોને યોગ્ય ભાવે ખાંડ ઉપલબ્ધ થઈ શકે. કોલકાતા માટે જૂની 4000 ક્વિન્ટલની સ્ટોક લિમિટ ચાલુ રહેશે. કારણ કે, કોલકાતામાં યુપી અને મહારાષ્ટ્રમાંથી ખાંડ આવે છે અને અહીંથી પશ્ચિમ બંગાળ સહિત સમગ્ર પૂર્વોત્તર ભારતમાં સપ્લાય થાય છે. સપ્લાય ચેઈનમાં કોઈ અવરોધ ન આવે, તેથી આ વિસ્તારોને રાહત આપવામાં આવી છે. ખાંડ 20% સુધી સસ્તી થઈ, રિટેલમાં પણ ભાવ ઘટશે સરકાર ખાંડ મિલો, ડીલરો અને વેપારીઓના ગોદામોની સઘન દેખરેખ અને ફિઝિકલ વેરિફિકેશન કરી રહી છે, જ્યાં ઘણી અનિયમિતતાઓ અને અઘોષિત સ્ટોક પકડાયા છે.

# PM મોદીની અપીલથી સોનાની કિંમતમાં ઘટાડો

- **₹1,037 ઘટીને ₹1.55 લાખનું 10 ગ્રામ થયું, ચાંદી પણ ₹1,711 સસ્તી થઈ**

મુંબઈ

PM નરેન્દ્ર મોદીએ લોકોને જરૂર વીના સોનું ન ખરીદવાની અપીલ કર્યા બાદ આજે એટલે કે 1 સપ્ટેમ્બરે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,037 રૂપિયા ઘટીને 1.55 લાખ રૂપિયા થયો છે. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત આજે 1711 રૂપિયા ઘટીને 2.35 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

માર્કેટ એક્સપર્ટ અનુજ ગુપ્તાના મતે, PM નરેન્દ્ર મોદીની અપીલને કારણે આગામી દિવસોમાં પણ સોનાની કિંમત પર દબાણ જોવા મળી શકે છે. આ ઉપરાંત, ક્રૂડ ઓઈલની કિંમતમાં તેજીને કારણે પણ સોના અને ચાંદીમાં ઘટાડો થયો છે. અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના એક ટાપુ પર હુમલો કર્યો છે. ઈરાને પણ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 21 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે.

## સી.જી. રોડ પર ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ

# AMCએ શરૂ કર્યા 280 ઓન-સ્ટ્રીટ 'સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સ્લોટ્સ'!

### સી.જી. રોડ જેવા મુખ્ય વ્યાપારી માર્ગ પર ટ્રાફિકની સરળ અવરજવર જળવાઈ રહે અને આડેધડ પાર્કિંગને કારણે અન્ય વાહનચાલકો કે પદયાત્રીઓને હાલાકી ન ભોગવવી પડે, તે હેતુથી AMC દ્વારા આ મોડેલ અમલી બનાવવામાં આવ્યું છે

અમદાવાદ

અમદાવાદના સૌથી પ્રખ્યાત અને શોપિંગ માટે ધમધમતા સી.જી. રોડ પર ટ્રાફિકની ભીડ અને આડેધડ વાહન પાર્કિંગની સમસ્યામાંથી નાગરિકોને મુક્તિ અપાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક અત્યાધુનિક અને ટેકનોલોજી આધારિત પહેલ કરવામાં આવી છે. સ્ટેડિયમ ક્રોસ રોડથી લઈને પંચવટી ક્રોસ રોડ સુધીના વિસ્તારમાં ૨૮૦ ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સ્લોટ્સ કાયમી ધોરણે કાર્યરત કરી દેવામાં આવ્યા છે. નિયત પાર્કિંગ સ્લોટમાં કાર પાર્ક થતાં જ વાહનની નીચે બેરિયર (ફ્લેપ) ઓટોમેટિક લોક થઈ જશે. પાર્કિંગ સ્લોટ પાસે દર્શાવેલા QR કોડને સ્કેન કરીને વાહનચાલકે UPI કે અન્ય ડિજિટલ માધ્યમથી પાર્કિંગ ચાર્જ ચૂકવવાનો રહેશે. પેમેન્ટ પૂર્ણ થતાં જ સ્માર્ટ બેરિયર ડાઉન (અનલોક) થઈ જશે, જેથી નાગરિકો સરળતાથી પોતાનું વાહન બહાર કાઢી શકશે. માત્ર ફોર-વ્હીલર માટે: આ ખાસ




સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા માત્ર ચાર પૈડાં વાળાં વાહનો (Car) માટે જ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધામાં કોઈ પણ પ્રકારનું રોકડ (Cash) પેમેન્ટ સ્વીકારવામાં આવતું નથી. તોડબાજોથી સાવધાન: જો કોઈ અનધિકૃત વ્યક્તિ પાર્કિંગના નામે રોકડ રકમની માગણી કરે, તો તેને એક પણ રૂપિયો ન આપવો અને તુરંત જ AMC હેલ્પલાઈન નંબર +91 70410 401 11 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવવી. સી.જી. રોડ જેવા મુખ્ય વ્યાપારી માર્ગ પર ટ્રાફિકની સરળ અવરજવર જળવાઈ રહે અને આડેધડ પાર્કિંગને કારણે અન્ય વાહનચાલકો કે પદયાત્રીઓને હાલાકી ન ભોગવવી પડે, તે હેતુથી AMC દ્વારા આ મોડેલ અમલી બનાવવામાં આવ્યું છે. 'પાક્કો ગુજરાત' શહેરના તમામ નાગરિકોને અપીલ કરે છે કે પાર્કિંગ માટે નિયત કરાયેલા સ્માર્ટ સ્લોટનો જ ઉપયોગ કરો અને જવાબદાર પાર્કિંગની ટેવ કેળવીને અમદાવાદને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં પોતાનું યોગદાન આપો.

**ફક્ત ફોર વ્હિલ જ પાર્ક કરી શકાશે, ટુ વ્હિલર પાર્ક નહીં કરી શકાય |** AMC દ્વારા મંજૂર કરાયેલી એજન્સીના અધિકૃત કર્મચારીઓ પાસે ઓળખકાર્ડ રહેશે. તેમની ઓળખ માટે તેઓ AMCના લોગોવાળું પીળા રંગનું ટી-શર્ટ પહેરેલા હશે. આ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા માત્ર ફોર-વ્હીલર વાહનો માટે ઉપલબ્ધ રહેશે. જ્યાં સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે ત્યાં ટુ-વ્હીલર વાહનો પાર્ક નહીં કરવા માટેની AMC દ્વારા નાગરિકોને સૂચના આપવામાં આવી છે. નિયત સ્માર્ટ પાર્કિંગ સ્લોટ સિવાયની જગ્યાએ અથવા નો-પાર્કિંગ વિસ્તારમાં વાહન પાર્ક કરનાર સામે વ્હીલ-લોક સહિતના નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ટ્રાફિક વ્યવસ્થા વધુ સરળ અને વ્યવસ્થિત બને તે માટે AMC દ્વારા નાગરિકોને આ આધુનિક પાર્કિંગ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા અને કોર્પોરેશનને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

**સ્માર્ટ ફ્લેપ પાર્કિંગને નબળો પ્રતિસાદ મળતો હોવા છતા મનપા નવા વિસ્તારોમાં શરૂ કરવા ઉત્સુક! |** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા દૂર કરવા માટે ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી છે જોકે આ સુવિધા એક વર્ષ અગાઉ પણ શરૂ કરવામાં આવી હતી.

પરંતુ અનેક વિસ્તારોમાં આ સુવિધા ફેલ ગઈ છે. શહેરના સિંધુભવન રોડ, પ્રહલાદનગર, મકરબા સહિતના વિસ્તારોમાં ઓન-સ્ટ્રીટ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સુવિધા શરૂ કરવામાં આવી હતી પરંતુ કોઈપણ તેનો ઉપયોગ કરતું નથી. કેટલાક સાધનો પણ તૂટી ગયા હતા ત્યારે અલગ અલગ વિસ્તારોમાં આ સુવિધા શરૂ કરવામાં આવી હોવા છતાં પણ સફળ થઈ નહોતી ત્યારે સીજી રોડ ઉપર આ સુવિધા શરૂ કરવામાં આવી છે ત્યારે કેટલો સમય ચાલે છે તે ખૂબ મોટો સવાલ છે.

## ધોળકામાં કેમિકલયુક્ત પાણી સામે 5 ગામનો વિરોધ

# વિકાસના દાવા વચ્ચે 5 ગામ ઝેરી પાણીથી ત્રસ્ત, ધોળકામાં 9 દિવસથી ધરણાં



ભેટાવાડા સહિતના ગામોમાં ભૂગર્ભજળ દૂષિત થવાનો ગ્રામજનોનો આક્ષેપ; 21થી વધુ લોકોના કેન્સરથી મોતનો દાવો, ખેતી પણ બરબાદ થઈ રહી હોવાની ફરિયાદ

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં કેમિકલયુક્ત પાણીના મુદ્દે ગ્રામજનોનો રોષ ઉગ્ર બની રહ્યો છે. ભેટાવાડા ગામમાં છેલ્લા 9 દિવસથી ગ્રામજનો ધરણાં પર બેઠા છે. તેમનો આક્ષેપ છે કે ધોળકા નગરપાલિકાના ગંદા ડ્રેનેજ પાણી સાથે સ્થાનિક ફેક્ટરીઓમાંથી પ્રોસેસ કર્યા વગરનું કેમિકલયુક્ત પાણી પણ ગ્રામ્ય વિસ્તારોમાં છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે જમીન અને ભૂગર્ભજળ દૂષિત થઈ રહ્યા હોવાની ગ્રામજનોની ફરિયાદ છે. આ વિરોધ હવે માત્ર ભેટાવાડા પૂરતો સીમિત રહ્યો નથી. ભેટાવાડા, નેસડા, ત્રાસદ, આંબા રેલી અને પાલડી સહિત પાંચ ગામોના ગ્રામજનો આંદોલનમાં જોડાયા છે. વિરોધ સ્થળે કેન્સરથી મૃત્યુ પામેલા 21થી વધુ ગ્રામજનોની તસવીરો મૂકવામાં આવી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે લાંબા સમયથી દૂષિત પાણીના ઉપયોગને કારણે ગામોમાં ગંભીર બીમારીઓનું પ્રમાણ વધ્યું છે અને અનેક પરિવારોને નુકસાન વેઠવું પડ્યું છે. ભેટાવાડા વિસ્તાર અગાઉ ગુલાબની ખેતી માટે જાણીતો હતો. જોકે, ગ્રામજનોના જણાવ્યા મુજબ જમીનમાં કેમિકલ ઊતરવાને કારણે બોરવેલનું પાણી પણ દૂષિત બની ગયું છે. જેના કારણે હજારો વીઘામાં થતી ગુલાબની ખેતીને નુકસાન થયું છે અને ખેડૂતોની આજીવિકા સામે પણ મોટો પ્રશ્ન ઊભો થયો છે. ગ્રામજનોનું કહેવું છે કે વિકાસના કામો કરતાં પહેલાં તેમને સ્વચ્છ અને પીવાલાયક પાણી આપવું જરૂરી છે. તંત્ર દ્વારા ફેક્ટરીઓમાંથી છોડાતા પ્રદૂષિત પાણી સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને પાણીના પ્રદૂષણની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માગ કરવામાં આવી છે. પાંચેય ગામના ગ્રામજનો હવે આરપારની લડાઈના મૂડમાં હોવાનું જણાવી રહ્યા છે. જો તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રદૂષિત પાણી છોડવાનું તાત્કાલિક બંધ કરાવી જવાબદારો સામે કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી આપવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે આ સમસ્યા વર્ષોથી રજૂ કરવા છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ દૂષિત પાણીના કારણે પીવાના પાણીથી લઈને ખેતી અને પશુપાલન સુધી તેની અસર પહોંચી છે. ગ્રામજનો દ્વારા પાણીના નમૂનાની વૈજ્ઞાનિક તપાસ કરાવી તેની જાહેર રિપોર્ટ રજૂ કરવાની તથા દૂષણ માટે જવાબદાર એકમો સામે કડક કાર્યવાહી કરવાની પણ માગ કરવામાં આવી છે.

## પોલીસ બંદોબસ્ત વચ્ચે ગેરકાયદે દબાણોનો સફાયો!

# અમદાવાદના હાર્દસમા ગીતામંદિર અને કાળુપુર સ્ટેશન વિસ્તારમાં AMCનું 'બુલડોઝર'

અમદાવાદ

અમદાવાદ શહેરના અત્યંત વ્યસ્ત અને ટ્રાફિકથી ધમધમતા મધ્ય ઝોનમાં AMCના એસ્ટેટ વિભાગે લાલ આંખ કરી છે.

કાળુપુર રેલવે સ્ટેશન, ગીતામંદિર બસ સ્ટેન્ડ અને આસપાસના વિસ્તારોમાં અમદાવાદ પોલીસ વિભાગના વિશાળ બંદોબસ્ત સાથે એસ્ટેટ વિભાગ ત્રાટક્યો હતો. જાહેર માર્ગો પર પગ મૂકવાની જગ્યા ન બચે તે રીતે ખડકાઈ ગયેલા ગેરકાયદે દબાણો પર મોટું મેગા ડિમોલિશન ઓપરેશન હાથ ધરીને રસ્તાઓ ખુલ્લા કરાવ્યા હતા. રેલવે સ્ટેશન અને એસ.ટી. સ્ટેશન જેવા સંવેદનશીલ વિસ્તારોમાં દરરોજ લાખો લોકોની અવરજવર હોય છે. આ જાહેર માર્ગો અને ફૂટપાથો પર ગેરકાયદે લારી-ગલ્લાં અને દબાણો વધી જતાં આખો વિસ્તાર ટ્રાફિક જામની સમસ્યાથી ઘેરાયેલો રહેતો હતો. તંત્રના એસ્ટેટ વિભાગે ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી બેઠેલા તત્વોનો સામાન જપ્ત કરીને રોડ-રસ્તા એકદમ સુવ્યવસ્થિત અને સાફ કર્યા હતા. લાખો રૂપિયાના



હપ્તાખોરીના ખેલ વચ્ચે જ આવા દબાણો ફૂલેફાલે છે. રસ્તાઓ પર દબાણ થાય જ નહીં તેવું કાયમી સેટઅપ કેમ ઊભું નથી કરવામાં આવતું? જેવો AMCનો કાફલો નીકળી જાય, તેના થોડા જ કલાકોમાં આ દબાણો ફરી જેવા ને તેવા ઊભા થઈ જાય છે.

તો શું આ કાર્યવાહી માત્ર સરકારી ચોપડે ચોકડી મારવા માટે છે? ટેક્સ ભરતા નાગરિકોને ચાલવા માટે ફૂટપાથ નથી મળતી અને આ ગેરકાયદે દબાણકારો આખા માર્ગો રુંધીને બેસી જાય છે. AMCના મધ્ય ઝોન એસ્ટેટ વિભાગે દબાણમુક્ત અમદાવાદ માટે શરૂ કરેલું આ અભિયાન માત્ર કાળુપુર કે ગીતામંદિર પૂરતું સીમિત ન રહેવું જોઈએ. તંત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ કામગીરી આગળ પણ સતત ચાલુ રહેશે.


## 2 મિત્રો ઈજાગ્રસ્ત, 4 સામે ફરિયાદ

# ત્રિકમપુરામાં જૂની અદાવતમાં તલવાર અને પાઈપના ઘા ઝીંકી યુવકની હત્યા

### હેમંતસિંહ છોડાવવા વચ્ચે પડતાં આરોપીઓએ તેના પર પણ હુમલો કર્યો હતો, જેમાં હિતેષે સોલંકીએ હેમંતસિંહના માથામાં તલવારના 2 ઘા ઝીંક્યા હતા, જ્યારે રવી અને ધર્મેશે લોખંડની પાઇપથી કપાળ તથા ડાબા હાથ પર ઘા માર્યા હતા

અમદાવાદ

અમદાવાદના ત્રિકમપુરામાં 31મી ઓગસ્ટની રાત્રે જૂની અદાવતમાં અજીતસિંહ નામના યુવકની તલવાર અને લોખંડની પાઈપથી હત્યા થઈ છે. તેને બચાવવા પડેલા 2 મિત્રો પણ ઈજાગ્રસ્ત થયા. પોલીસે હરેશ ઉર્ફે હિતેશ, અક્ષય, રવી અને ધર્મેશ સોલંકી સામે હત્યાનો ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.




અમદાવાદના ત્રિકમપુરા વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સોમવાર (31મી ઓગસ્ટ)ની રાતે બનેલી આ ઘટનામાં તલવાર અને લોખંડની પાઈપ જેવા ઘાતક હથિયારો વડે કરાયેલા હુમલામાં અજીતસિંહ નામના યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા બે મિત્રો ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે પોલીસે ચાર શખસો સામે હત્યા અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, હેમંતસિંહ નેગીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. 31મી ઓગસ્ટે રાત્રે હેમંતસિંહ, તેના ફઈનો દીકરો અજીતસિંહ અને મિત્ર અર્જુન ત્રિકમપુરા ચાર માળિયા ખાતે અજીતસિંહના ગીરવે મૂકેલા મકાન અંગે વાતચીત કરવા ગયા હતા. જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે જૂની અદાવત રાખીને હરેશ ઉર્ફે હિતેષ સોલંકી, અક્ષય સોલંકી, રવી સોલંકી અને ધર્મેશ સોલંકીએ તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં જણાવ્યાનુસાર, અજીતસિંહને મારી નાખવાના ઈરાદાથી હિતેષ અને અક્ષયે તલવાર વડે તથા રવી અને ધર્મેશે લોખંડની પાઈપ વડે અજીતસિંહ પર આડેધડ ઘા ઝીંક્યા હતા, જેના કારણે અજીતસિંહનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દરમિયાન બચાવવા પડેલા મિત્ર અર્જુન પર ધર્મેશે લોખંડની પાઈપ વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી.

## અંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ: અમદાવાદ એરપોર્ટ પર 6.073 કિલો હાઈબ્રિડ ગાંજા સાથે મ્યાનમારની મહિલા ઝડપાઈ

અમદાવાદ

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા ડ્રગ તસ્કરી સામે મોટું ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. વિયેતનામના હો ચી મિન્હ સિટીથી અમદાવાદ આવેલી મ્યાનમારની એક મહિલા પાસેથી ૬.૦૭૩ કિલોગ્રામ અત્યંત મોંઘો અને હાઈ-ક્વોલિટી હાઈબ્રિડ (હાઈડ્રોપોનિક) ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓએ ડ્રગ્સ ઘૂસાડવા માટે અવનવી મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. આરોપી મહિલા પોતાની ટ્રોલી બેગમાં તળિયાના ભાગે ખાસ પ્રકારનું ફેક લેયર (બનાવટી ખાનું) બનાવીને આ મોંઘો હાઈબ્રિડ ગાંજો છુપાવીને લાવી રહી હતી. કસ્ટમ્સ વિભાગના અધિકારીઓને શંકા જતાં તેમણે ઈન્ટેલિજન્સ અને પ્રોફાઈલિંગના આધારે આ મહિલાને અટકાવીને ઊંડાણપૂર્વક તપાસ કરી હતી. ટ્રોલી બેગ ફાડીને જોતાં અંદરથી કરોડો રૂપિયાની કિંમતનો કિલર નશાનો જથ્થો મળી આવ્યો હતો. વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાંથી વારંવાર અમદાવાદ એરપોર્ટ મારફતે જ હાઈબ્રિડ ગાંજો કેમ ઘૂસાડવામાં આવી રહ્યો છે? મ્યાનમારની મહિલા તો માત્ર એક 'કુરિયર' કે માધ્યમ હોઈ શકે છે, પરંતુ અમદાવાદ કે ગુજરાતમાં આ કરોડો રૂપિયાનો નશો ડિલિવર ક્યાં થવાનો હતો?

## કામ અધૂરું ને રંગરોગાન શરૂ

# નરોડા બ્રિજ બનાવટમાં એએમસી તંત્ર અને કોન્ટ્રાક્ટરનો મોટો ખેલ!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ભ્રષ્ટ વહીવટ અને અધિકારીઓની આંખ આડા કાન કરવાની નીતિ સામે વધુ એક ગંભીર સવાલ ઊભો થયો છે. નરોડા વિસ્તારમાં કરોડોના ખર્ચે બની રહેલા ફ્લાયઓવરનું નિર્માણ કાર્ય હજી પૂર્ણ પણ થયું નથી, ત્યાં જ ઉતાવળે બ્રિજ પર કલરકામ (રંગરોગાન) ચાલુ કરી દેવામાં આવ્યું છે. સ્ટ્રક્ચરલ કામગીરી અને સુરક્ષા ટેસ્ટિંગ બાકી હોવા છતાં, લોકાર્પણના દેખાડા કરવા કે ગેરરીતિઓ છુપાવવા માટે આટલી મોટી બેદરકારી દાખવવામાં આવી રહી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

બ્રિજનું બાંધકામ હજુ અધૂરું છે, રોડ અને સિમેન્ટ સેફ્ટીની પ્રાથમિક ચકાસણી બાકી છે, તેમ છતાં બ્રિજને કલર કરીને 'તૈયાર' દર્શાવવાનો ખેલ કોના ઈશારે થઈ રહ્યો છે? એએમસી તંત્ર પ્રજાના ટેક્સના નાણાંનો ધુમાડો કરી રહ્યું છે. અધૂરા કામ પર કલરકામ કરીને કઈ ચોરી છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે?

આટલી મોટી ઘોર બેદરકારી અને




અનિયમિતતા સામે આવી હોવા છતાં, મેયર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

બ્રિજ કમ્પ્લીશન સર્ટિફિકેટ કે સુરક્ષા મંજૂરી વગર કલરકામનું બિલ પાસ કરાવવા અને કોન્ટ્રાક્ટરને ફાયદો પહોંચાડવા માટે જ આ ઉતાવળ કરવામાં આવી રહી હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે.

નરોડા બ્રિજની આ લોલમલોલ સામે હવે લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે: કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરો: અધૂરા કામ પર રંગરોગાન કરનાર અને સુરક્ષાના નિયમો ભંગ કરનાર એજન્સી/કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક દંડકીય કાર્યવાહી કરી તેને બ્લેકલિસ્ટ કરવામાં આવે.

પ્રોજેક્ટની મોનિટરિંગમાં નિષ્ફળ ગયેલા એએમસીના ઈજનેરો અને સુપરવાઈઝિંગ અધિકારીઓને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરીને તપાસ કમિટી નીમવામાં આવે.

બ્રિજના સમગ્ર બાંધકામની તટસ્થ થર્ડ-પાર્ટી ઓડિટ દ્વારા તપાસ કરાવવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ મોટી હોનારત સર્જાય નહીં.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI